RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 148 Dt. 21-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### સોનિયા ગાંધીએ મનરેગા અંગે સરકાર પર સાધ્યું નિશાન

# મનરેગા પર સરકારનું બુલડોઝર : કોંગ્રેસ

## મનરેગા યોજના રાષ્ટ્રીય તથા જનહિતમાં હતી છતાં ગરીબો પર થયો હુમલો : સોનિયા ગાંધી





નવીદિલ્હી, તા. ૨૦
કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ શનિવારે મનરેગા યોજના અંગે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે જણાવ્યું કે કોંગ્રેસે મનરેગા યોજનાની શરૂઆત અને અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે આ યોજના રાષ્ટ્રીય અને જનહિતમાં હતી, પરંતુ આ કાયદાને નબળો પાડીને, મોદી સરકારે લાખો ખેડૂતો, મજૂરો અને ભૂમિહીન ગ્રામીણ ગરીબોના હિત પર હુમલો કર્યો છે. તેમણે કહ્યું કે આપણે બધા આ હુમલાનો સામનો કરવા માટે તૈયાર છીએ. કોંગ્રેસ પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર એક વિડીયો નિવેદન બહાર પાડતા કહ્યું, ''છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદી સરકારે ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગાર, ગરીબ અને વંચિતોના હિતોને અવગણીને મનરેગાને નબળો પાડવાના તમામ પ્રયાસો કર્યા છે. જ્યારે તે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ગરીબો માટે જીવનરેખા સાબિત થયું, તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે સરકારે તાજેતરમાં મનરેગા પર બુલડોઝર ફર્યું .''

તેમણે કહ્યું, ''તેઓએ મહાત્મા ગાંધીનું નામ જ દૂર કર્યું નહીં, પણ કોઈપણ ચર્ચા વિના, પરામર્શ વિના, વિપક્ષને વિશ્વાસમાં લીધા વિના મનરેગાના માળખામાં પણ મનસ્વી રીતે ફેરફાર કર્યો. હવે, દિલ્હીમાં બેઠેલી સરકાર નક્કી કરશે કે કોને રોજગાર મળશે, કેટલી, ક્યાં અને કેવા પ્રકારની રોજગાર મળશે.'' તેમણે કહ્યું, ''મને હજુ પણ યાદ છે કે ૨૦ વર્ષ પહેલાં, જ્યારે ડો. મનમોહન સિંહ વડા પ્રધાન હતા, ત્યારે સંસદમાં મનરેગા કાયદો સર્વાનુમતે પસાર થયો હતો. આ એક ક્રાંતિકારી પગલું હતું જેનાથી લાખો ગ્રામીણ પરિવારોને ફાયદો થયો. તે ખાસ કરીને વંચિત, શોષિત, ગરીબ અને અત્યંત ગરીબ લોકો માટે આજીવિકાનો સ્ત્રોત બન્યો. ૨૦ વર્ષ પહેલાં, મેં પણ મારા ગરીબ ભાઈઓ અને બહેનો માટે રોજગાર અધિકારો મેળવવા માટે લડત ચલાવી હતી. હું હજુ પણ આ કાળા કાયદા સામે લડવા માટે પ્રતિબદ્ધ છું. મારા જેવા બધા કોંગ્રેસી નેતાઓ અને લાખો કામદારો તમારી સાથે ઉભા છે.''

તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદી સરકારે સતત મનરેગાને નબળો પાડવાનો પ્રયાસ કર્યો છે. જ્યાં આ યોજના કોવિડના મુશ્કેલ સમયમાં ગરીબો માટે જીવનરેખા સાબિત થઈ હતી, ત્યાં સરકારે તાજેતરમાં મનરેગાને બુલડોઝર કરી દીધી છે. મહાત્મા ગાંધીનું નામ કાઢી નાખવામાં આવ્યું એટલું જ નહીં, પણ મનરેગાના માળખામાં પણ ચર્ચા કર્યા વિના, પરામર્શ કર્યા વિના, વિપક્ષને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી રીતે ફેરફાર કરવામાં આવ્યો. સોનિયા ગાંધીએ કહ્યું કે હવે દિલ્હીમાં બેસીને નક્કી કરવામાં આવશે કે કોને શું, ક્યાં અને કેટલી રોજગારી મળશે, જે વાસ્તવિકતાથી દૂર છે. તેમણે કહ્યું કે મનરેગા કોઈ એક પક્ષ માટે યોજના નથી, પરંતુ દેશ અને લોકોના હિત માટે છે. આ કાયદાને નબળો પાડીને સરકારે લાખો ખેડૂતો, મજૂરો અને ભૂમિહીન ગ્રામીણ ગરીબો પર હુમલો કર્યો છે.

### વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ પાર્ટી નીકળેલી હિંસાથી હિન્દુઓ પર અત્યાચાર, લઘુમતી સમુદાય પર વ્યાપક ગુસ્સો

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર દમન



નવીદિલ્હી, તા. ૨૦
હાલમાં બાંગ્લાદેશના મોટાભાગના ભાગોમાં હિંસા ફેલાઈ ગઈ છે, જેમાં રાજધાની ઢાકાનો પણ સમાવેશ થાય છે. વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ ગુરુવારે હિંસા ફાટી નીકળી હતી. ગુરુવારે પણ, મૈમનસિંઘ શહેરમાં, એક ટોળાએ દિપુ ચંદ્ર દાસની નિંદાના આરોપસર હત્યા કરી હતી અને તેમના શરીરને આગ લગાવી દીધી હતી. ટોળાની હત્યાથી બાંગ્લાદેશના લઘુમતી સમુદાયમાં વ્યાપક ગુસ્સો ફેલાયો છે, અને ભારતે પણ આ ઘટના પર આક્રોશ વ્યક્ત કર્યો છે. ૨૫ વર્ષીય હિન્દુ દીપુ દાસ, મૈમનસિંઘમાં રહેતો હતો. તે એક ગરીબ પરિવારમાંથી હતો અને રોજીરોટી કમાવવા માટે સ્ક્વેર માસ્ટરબારીમાં પાયોનિયર નીટ કમ્પોઝિટ ફેક્ટરીમાં કામ કરતો હતો. ગુરુવારે, તેના ફેક્ટરી પરિસરમાં અને તેની આસપાસ મોટી ભીડ એકઠી થઈ ગઈ. દાસ પર હુમલો કરવામાં આવ્યો અને તેને ગંભીર રીતે માર મારવામાં આવ્યો, જેના પરિણામે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

ભાલુકા મોડેલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અબ્દુલ મલેકે જણાવ્યું હતું કે હત્યા પછી, ટોળાએ દિપુ દાસના મૃતદેહને ઢાકા-મૈમનસિંઘ હાઈવે પર ફેંકી દીધો અને તેને આગ લગાવી દીધી. ગઉઝટ સાથે વાત કરતા, દિપુ ચંદ્ર દાસના પિતા રવિલાલ દાસે જણાવ્યું હતું કે પરિવારને સૌપ્રથમ સોશિયલ મીડિયા દ્વારા ઘટના વિશે જાણ થઈ હતી. ''મારા દીકરા પર કેરોસીન છાંટીને આગ લગાવી દેવામાં આવી હતી. તેના બળેલા શરીરને બહાર છોડી દેવામાં આવ્યું હતું. તેઓએ અડધા બળેલા ધડ અને માથાને બહાર બાંધી દીધા હતા. તે અમારા માટે ભયાનક હતું.'' યુનુસ સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નવા બાંગ્લાદેશમાં હિંસા માટે કોઈ સ્થાન નથી. આ જઘન્ય ગુના માટે જવાબદાર લોકોને બક્ષવામાં આવશે નહીં. દરમિયાન, દીપુના પિતાએ જણાવ્યું હતું કે તેમના પરિવારને સરકાર તરફથી કોઈ સીધી ખાતરી મળી નથી. તેમણે અત્યાર સુધી સરકારના અભિગમ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી.

# પૂર્વાંચલને ઈસ્ટ પાકિસ્તાન બનાવવાનો હતો પ્લાન : મોદી

## વડાપ્રધાનનો કોંગ્રેસ પર પ્રહાર કહ્યું હંમેશા આસામ વિરુદ્ધ કાર્યવાહી કરી છે તથા પૂર્વાંચલનો વિકાસ રૂંધ્યો છે



નવીદિલ્હી, તા. ૨૦
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામની રાજધાની ગુવાહાટીમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી હંમેશા આસામ વિરુદ્ધ કાર્યવાહી કરે છે. વોટ બેંક ખાતર, કોંગ્રેસ પાર્ટીએ ઘુસણખોરોને છૂટ આપી હતી, અને એટલું જ નહીં, તેણે આસામની સમગ્ર વસ્તી વિષયક સ્થિતિ બદલી નાખી હતી. આનાથી આસામની સુરક્ષા અને ઓળખ દાવ પર લાગી ગઈ છે. પીએમએ કહ્યું કે મોદી કોંગ્રેસ પાર્ટીની ભૂલો સુધારી રહ્યા છે. આજે, હિમંતાની સરકાર આસામના સંસાધનોને રાષ્ટ્રવિરોધી તત્વોથી મુક્ત કરવા માટે સખત મહેનત કરી રહી છે. ગેરકાયદેસર ઘુસણખોરોને ઓળખી કાઢવામાં આવી રહ્યા છે અને તેમને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

પીએમ મોદી આસામની બે દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે ગુવાહાટીમાં લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદઘાટન કર્યું હતું. વાંસના બગીચા પર આધારિત આ દેશનું પ્રથમ પ્રકૃતિ-થીમ આધારિત એરપોર્ટ ટર્મિનલ છે. રવિવારે, તેમની મુલાકાતના બીજા દિવસે, પીએમ મોદી આસામમાં ₹૧૫,૬૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરવાના છે. આસામ પહેલા, પીએમ મોદી કોલકાતા પહોંચ્યા હતા, જ્યાં તેમણે એરપોર્ટ પરથી ફોન દ્વારા નાદિયા જિલ્લાના રાણાઘાટમાં આયોજિત એક કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધિત કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે એવું નથી કે બંગાળના વિકાસ માટે ભંડોળનો અભાવ છે, પરંતુ અહીંની સરકાર ફક્ત કાપ અને કમિશનમાં વ્યસ્ત છે.

હિંસા પૂર્વોત્તરમાં થતી હતી, પરંતુ હવે ૪[illegible] અને ૫[illegible] દ્વારા ટેકનોલોજી અહીં પહોંચી રહી છે. મિત્રો, આપણે પૂર્વોત્તરની સંસ્કૃતિ અને ઓળખનું રક્ષણ કરી રહ્યા છીએ. કોંગ્રેસના મૂળ આઝાદી પહેલાના છે. ગુવાહાટીથી જલપાઇગુડી સુધીની વંદે ભારત એક્સપ્રેસથી મુસાફરીનો સમય ઓછો થયો છે. કાર્ગો ટ્રાફિકમાં ૧૪૦ ટકાનો વધારો થયો છે. વારાણસીથી દિબ્રુગઢ સુધી ગંગા નદીના વિકાસ માટે ઉત્સાહ છે. કોંગ્રેસ સરકારોએ આસામ અને ઉત્તરપૂર્વને વિકાસથી દૂર રાખવાનું પાપ કર્યું છે. ભારત હવે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે તૈયાર છે. ૧૧ વર્ષમાં આ કેવી રીતે બન્યું? આમાં માળખાગત સુવિધા મોટી ભૂમિકા ભજવે છે. દેશનો દરેક ક્ષેત્ર આ વિશાળ વિકાસ અભિયાનમાં ભાગ લઈ રહ્યો છે. અમે પછાત વર્ગોને તકો આપી રહ્યા છીએ. આજે, આસામ અને પૂર્વોત્તર અમારા મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે. અમારી સરકારે ૨૦૧૪ થી પૂર્વોત્તરને પ્રાથમિકતા આપી છે. આપણે આસામને ભારતના પૂર્વીય પ્રવેશદ્વાર તરીકે ઉભરતા જોઈ રહ્યા છીએ. આ શરૂઆત ખૂબ આગળ વધશે. આસામ ઘણા ક્ષેત્રોમાં વિકસિત ભારતનું એન્જિન બનશે.

### શેરી વિસ્તારની શાળાઓમાં હાજરી ૮૦% થી ઓછી હશે તો ગ્રાન્ટ ૨૫% કપાશે

# ગ્રાન્ટેડ શાળામાં સંખ્યા આધારે ગ્રાન્ટ

રાજકોટ, તા. ૨૦
રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા હર હંમેશ શિક્ષણને વધુને વધુ પ્રાધાન્ય આપતી હોય છે ત્યારે નવી શિક્ષણનીતિમાં પણ સરકારનો એ જ હેતુ છે કે વધુને વધુ વિદ્યાર્થીઓ પ્રેક્ટીકલ જ્ઞાન તરફ આગળ વધે. માત્ર પુસ્તક યુગના નહીં પરંતુ કોઈ પણ વિષયનું પ્રેક્ટીકલ જ્ઞાન મળે તો તેમની કારકિર્દીનું ઘડતર ખૂબ સારી રીતે થઈ શકે બીજી તરફ ગ્રાન્ટેજ શાળાને સરકારી શાળાઓમાં પણ વિદ્યાર્થીઓનું પ્રમાણ વધે તે માટેના પણ અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા હાલ જે નિર્ણય લેવામાં આવ્યો છે તે અત્યંત આશ્ચર્યજનક છે જેમાં ગ્રાન્ટેડ શાળામાં હવે વિદ્યાર્થીઓની સંખ્યા અને હાજરી અનુસાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

ગાંધીનગરથી શિક્ષણને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં આજે ગાંધીનગરથી શિક્ષણ વિભાગે ગ્રાન્ટેડ અને લઘુમતી શાળાઓ માટે એક મહત્વનો નિર્ણય જાહેર કર્યો છે. આ નવા નિર્ણય મુજબ હવે રાજ્યની ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓને વિદ્યાર્થીઓની હાજરી પ્રમાણે જ ગ્રાન્ટ આપવામાં આવશે. જો શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ઓછી હશે, તો તેની સીધી અસર ગ્રાન્ટ પર પડશે. મહત્વનું છે કે, શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, વિદ્યાર્થીઓની નિયમિત હાજરી સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માટે અલગ-અલગ હાજરીની મર્યાદા નક્કી કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા શહેરી વિસ્તારોની શાળાઓમાં ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી ફરજિયાત રાખવામાં આવી છે.




જો હાજરી ૮૦ ટકાથી ઓછી રહેશે તો શાળાની ૨૫ ટકા ગ્રાન્ટ કપાશે. એટલું જ નહીં જો હાજરી ૫૦ ટકાથી પણ ઓછી થશે તો ૫૦ ટકા ગ્રાન્ટમાં કાપ કરવામાં આવશે. જ્યારે હાજરી ૬૦ ટકાથી ઓછી નોંધાશે ત્યારે શાળાને સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ગ્રાન્ટથી વંચિત રાખવામાં આવશે.બીજી તરફ ગ્રામ્ય વિસ્તારો માટે હાજરીની મર્યાદા થોડી ઓછી રાખવામાં આવી છે. અહીં ૫૫ ટકા હાજરી ફરજિયાત કરાઈ છે. જો ગ્રામ્ય શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ૪૦ ટકાથી નીચે જશે તો શાળાની ૧૦૦ ટકા ગ્રાન્ટ કપાઈ જશે.

ગુજરાત રાજ્યના શાળા સંચાલકો હવે સરકાર સામે લડી લેવાના મૂડમાં છે. શાળા સંચાલક મહામંડળની વાર્ષિક બેઠકમાં ફી નિયમન કાયદા (FRC) અને ગ્રાન્ટેડ શાળાઓમાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતીના મુદ્દે સરકારને હાઈકોર્ટમાં પડકારવા માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. સંચાલકોએ [illegible] સમક્ષ નવા સ્લેબની માગ કરી છે. પ્રાયમરી ૨૨,૦૦૦, સેકન્ડરી ૩૦,૦૦૦, સામાન્ય પ્રવાહઃ ૩૫,૦૦૦, વિજ્ઞાન પ્રવાહઃ ૪૦,૦૦૦ જ્ઞાન સેતુ પ્રોજેક્ટમાં ૭ ટકાના દરે વાર્ષિક વધારો કરવામાં આવે છે, તે જ રીતે [illegible] સ્લેબમાં પણ વધારો આપવા માટે માંગ કરવામાં આવી છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગત પસંદ થયેલી રાજ્યની ગ્રાન્ટ ઇન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધાઓ સંગીન બનાવવા રાજ્ય સરકાર સહાય આપશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શિક્ષણ વિભાગ હેઠળની આવી ગ્રાન્ટ ઇન એઈડ સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓને આ સહાય ૮૦:૨૦ના પ્રમાણમાં આપવામાં આવશે.

# તમારી કોઈ વસ્તુ ગુમ થઈ છે? નક્ષત્રો અને પ્રશ્ન કુંડળી ખોલશે રાઝ



રાજકોટ, તા. ૨૦

ઘણીવાર આપણી કિંમતી વસ્તુઓ કે સામાનની ચોરી થયા પછી કે ગુમ થઈ હોય કે ઘરની કોઈ વ્યક્તિ ગુમ થઈ હોય જાણ કર્યા વગર જતી રહી હોય ત્યારે આપણી ચિંતા વધી જાય છે. ક્યારેક લાંબા સમય સુધી તપાસ કરવા છતાં પણ મળતી નથી. અને ક્યારેક તુરંત મળી જાય છે. પણ, તમને ખબર છે કે, તમારી વસ્તુ ગુમ થઈ છે ચોરી થઈ છે કે કોઈએ લઈ લીધી છે ? એનો જવાબ સત્યાવીસ નક્ષત્રો અને પ્રશ્નકુંડળીમાં છુપાયેલો છે. જે દિવસે તમારી કોઈ વસ્તુ ચોરી થઈ હોય, સામાન ગુમ થયો હોય અથવા કોઈ વ્યક્તિ ગુમ થઈ હોય, તે દિવસના નક્ષત્રના આધારે ગુમ થયેલી વસ્તુ વિશે માહિતી મેળવી શકાય છે. વસ્તુ મળશે કે નહીં, તેનો પણ નક્ષત્રોના આધારે અંદાજ લગાવી શકાય છે. આકાશમાં પથરાયેલા ૨૮ નક્ષત્રોને ચાર સમાન ભાગોમાં વહેંચવામાં આવ્યા છે. દરેક ભાગમાં સાત નક્ષત્ર આવે છે. તેમને અંધ, મંદ, મધ્ય અને સુલોચન કહેવાય છે. આ નક્ષત્રોના આધારે ચોરી થયેલી કે ગુમ થયેલી વસ્તુની દિશા અને પરિણામ વિશે મળતી માહિતી ઘણીવાર સચોટ સાબિત થાય છે. જેથી વસ્તુ મળે છે અથવા તેની સાચી જાણકારી પ્રાપ્ત થાય છે.

## નક્ષત્રોની પ્રકૃતિ

- **અંધ લોચન નક્ષત્ર :** રેવતી, રોહિણી, પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, પૂર્વાષાઢા, ધનિષ્ઠા વગેરે અંધ લોચન નક્ષત્ર છે. જો વસ્તુ અંધ લોચન નક્ષત્રમાં ગુમ થઈ હોય તો તે પૂર્વ દિશામાં હોય છે અને, ઝડપથી મળી જાય છે.
- **મંદ લોચન નક્ષત્ર :** અશ્વિની, મૃગશિરા, આશ્લેષા, હસ્ત, અનુરાધા, ઉત્તરાષાઢા, શતભિષા વગેરે મંદ લોચન નક્ષત્ર છે. જો વસ્તુ મંદલોચનમાં ગુમ થઈ હોય તો તે દક્ષિણ દિશામાં હોય છે અને ૩-૪ દિવસ પછી મુશ્કેલીથી મળે છે.
- **મધ્ય લોચન નક્ષત્ર :** ભરણી, આર્દ્રા, મઘા, ચિત્રા, જયેષ્ઠા, અભિજિત, પૂર્વાભાદ્રપદ વગેરે મધ્ય લોચન નક્ષત્ર છે. જો વસ્તુ મધ્ય લોચનમાં ગુમ થઈ હોય તો તે પશ્ચિમ દિશામાં હોય છે. એક મહિના પછી જાણકારી મળે છે અને અઢી મહિના પછી મળવાની સંભાવના રહે છે.
- **સુલોચન નક્ષત્ર :** કૃતિકા, પુનર્વસુ, પૂર્વાફાલ્ગુની, સ્વાતિ, મૂળ, શ્રવણ, ઉત્તરાભાદ્રપદ સુલોચન નક્ષત્ર છે. જો વસ્તુ સુલોચન નક્ષત્રમાં ગુમ થઈ હોય તો તે ઉત્તર દિશામાં હોય છે, પરંતુ ન તો ખબર મળે છે ન તો વસ્તુ મળે છે

## પ્રશ્ન કુંડળી પણ આપશે તમને જવાબ

જ્યારે ચોરી થયેલી કે ગુમ થયેલી વસ્તુ વિશે પ્રશ્ન પૂછવામાં આવે, તે જ સમયની પ્રશ્ન કુંડળી બનાવવાથી જવાબ મળે છે. પ્રશ્ન કુંડળીમાં જો લગ્ન એટલે કે પહેલા સ્થાનમા મેષ અથવા વૃષભ લગ્ન હોય તો વસ્તુ પૂર્વ દિશામાં, મિથુન લગ્ન હોય તો અગ્નિકોણમાં, કર્ક લગ્ન હોય તો દક્ષિણમાં, સિંહ લગ્ન હોય તો નૈઋત્ય કોણમાં, કન્યા લગ્ન હોય તો ઉત્તર દિશામાં, તુલા અથવા વૃશ્ચિક લગ્ન હોય તો પશ્ચિમમાં, ધન લગ્ન હોય તો વાયવ્ય કોણમાં, મકર અથવા કુંભ લગ્ન હોય તો ઉત્તર દિશામાં, મીન લગ્ન હોય તો ઈશાન કોણમાં હોય છે.

## લગ્ન કુંડળીથી ચોરની ઓળખ અને વર્ણની જાણ થાય છે

જે રીતે પ્રશ્ન કુંડળીમાં લગ્ન એટલે કે પહેલા સ્થાનમાં કઈ રાશી છે તે આધારે દિશા જાણી શકાય છે તેમ લગ્ન કુંડળીમાં પહેલા સ્થાનમાં કઈ રાશીનું લગ્ન છે તે જોઈને તમારી કિંમતી વસ્તુ કોણ લઈ ગયું છે અને ચોરી કરનાર ક્યાં વર્ણના છે તે પણ જાણી શકાય છે **મેષ લગ્ન :** બ્રાહ્મણ અથવા કોઈ સન્માનનીય પુરુષ, **વૃષભ લગ્ન :** ક્ષત્રિય વર્ણ, **મિથુન લગ્ન :** વૈશ્ય, **કર્ક લગ્ન :** શુદ્ર અથવા નોકર, **સિંહ લગ્ન :** પોતાની જ કોઈ વ્યક્તિ, **કન્યા લગ્ન :** પરિવારની મહિલા એટલે કે વહુ, દીકરી, કે બહેન, **તુલા લગ્ન :** પુત્ર, ભાઈ અથવા જમાઈ, **વૃશ્ચિક લગ્ન :** નીચ જાતિની વ્યક્તિ, **ધનુ લગ્ન :** સાહસ કરનારી સ્ત્રી, **મકર લગ્ન :** વેપારી, **કુંભ લગ્ન :** હોય તો ઉંદર જેવા પ્રાણી, **મીન લગ્ન :** વસ્તુ ઘરમાં જ હોય, પરંતુ મળે નહીં

## તત્વ અનુસાર ગુમ થયેલી વસ્તુનું સ્થાન

- અગ્નિ તત્વ : (મેષ, સિંહ, ધનુ) : રસોડું, પૂર્વ-દક્ષિણ વિસ્તાર
- પૃથ્વી તત્વ :(વૃષભ, કન્યા, મકર): દક્ષિણમાં જમીનમાં દબાવાયેલી હોય
- વાયુ તત્વ (મિથુન, તુલા, કુંભ) : પશ્ચિમ દિશામાં ઊંચે લટકાવેલી હોય
- જળ તત્વ (કર્ક, વૃશ્ચિક, મીન): પાણી નજીક, ઉત્તર દિશામાં

## નક્ષત્ર પ્રમાણે વસ્તુનું ચોક્કસ સ્થાન

૨૭ નક્ષત્ર આધારે ચોરાયલી ખોવાયેલી કે ગુમ થયેલી વ્યક્તિ ક્યાં છે તે સ્થાન પણ જાણી શકાય છે. જેમ કે, અશ્વિની નક્ષત્ર હોય તો શહેરમાં, ભરણી હોય તો ગલી અથવા રસ્તામાં, કૃતિકા હોય તો જંગલ અથવા બંજર જમીનમાં, રોહિણી હોય તો મીઠું અથવા નમકીન વસ્તુઓ પાસે, મૃગશિરા હોય તો પલંગ કે ચાર પાઈ નીચે, આર્દ્રા હોય તો મંદિરમાં કે મંદિર આસપાસ, પુનર્વસુ હોયતો અનાજના ભંડારમાં, પુષ્ય હોય તો ઘરમાં, આશ્લેષા હોય તો ધૂળ કે માટી નીચે મઘા હોય તો અનાજ ભંડાર (સ્ટોરરૂમ) માં પૂર્વાફાલ્ગની હોય તો ખાલી મકાન કે રહેઠાણનો ખાલી ભાગ, ઉત્તરાફાલ્ગુની હોય તો પાણી નજીક, હસ્ત હોયતા તળાવ પાસે, ચિત્રા હોય તો કપાસ કે રૂ પાસે, સ્વાતિ હોયતો ખુલ્લી હવાવાળી જગ્યા, વિશાખા હોય તો પાકા મકાન કે દુકાન, અનુરાધા હોય તો ભેજવાળી જગ્યા, જયેષ્ઠા હોય તો ગોડાઉન કે જૂના મકાનમાં, મૂળ હોય તો જમીન નીચે, પૂર્વાષાઢા હોય તો ભીનું સ્થાન, ઉત્તરાષાઢા હોય તો ઝાડ પાસે, શ્રવણ હોય તો છત ઉપર, ધનિષ્ઠા હોય તો બજાર અથવા મેળામાં, શતભિષા હોય તો હોસ્પિટલ કે દવાખાનું, પૂર્વાભાદ્રપદ હોય તો ગુપ્ત સ્થાન, ઉત્તર ભાદ્રપદ હોય તો એકાંત અથવા આધ્યાત્મિક સ્થાન, રેવતી હોય તો પશુ શાળા નજીક

## અંક જ્યોતિષમાં પણ છૂપાયેલો છે જવાબ

૧ થી ૧૦૮ વચ્ચે કોઈ પણ અંક મનમાં ધારી લો. તેને ૯ થી ભાગાકાર કરો. જે શેષ આવે તે મુજબ પરિણામ જાણવું. ૧ હોય તો પૂર્વ દિશા જ્યાં રોજીંદી અવરજવર હોય ૨ હોય તો ઘરની સ્ત્રી પાસે, ૩ હોય તો પરિવારજન અથવા મિત્ર પાસે, ૪ હોય તો મળવાની શક્યતા નથી. ૫ હોય તો વસ્તુ મળે પરંતુ સમય લાગશે, ૬ હોય તો રસોડું દક્ષિણ-પૂર્વ (અગ્નિખુણામાં) ૭ હોય તો તકલીફ બાદ મળે ૮ હોય તો મળવાની શક્યતા ઓછી ૯ અથવા ૦ હોય તો જે તે દિવસે મળી શકે, પછી મુશ્કેલ રહે. આ રીતે નક્ષત્રો, પ્રશ્ન કુંડળી અને અંકશાસ્ત્ર દ્વારા ગુમ થયેલી અથવા ચોરી ગયેલી વસ્તુ વિશે અંદાજ લગાવી શકાય છે.



# અન્ન સલામતી કાયદા હેઠળ ૩.૧૧ લાખ અનાજનું વિતરણ

### શહેર-જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની યોજાઈ બેઠક યોજાઈ

રાજકોટ, તા. ૨૦

કલેકટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર-જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજકોટ શહેર/જિલ્લામાં નવેમ્બર-૨૦૨૫ દરમિયાન લાભાર્થીઓને ઘઉં, ચોખા, બાજરી, તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું આપવામાં આવેલ જથ્થાની વિગત રજુ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા કુટુંબોને ૧૫ કી.ગ્રા. ઘઉં, ૨૦ કી.ગ્રા. ચોખા, તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને ૨ કી.ગ્રા. ઘઉં, ૩ કી.ગ્રા. ચોખા વિના મૂલ્યે આપવામાં આવે છે.

વધુમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) અંતર્ગત અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા કુટુંબો (AAY) તેમજ અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) ને જાન્યુઆરી-૨૦૨૪ થી પાંચ વર્ષ માટે ઘઉં અને ચોખા જેવા અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે મુજબ રાજકોટ જિલ્લામાં હાલમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ કુલ-૩,૧૧,૮૨૯ રેશનકાર્ડનો અને તેમાં નોંધાયેલ જનસંખ્યા-૧૨,૬૯,૭૨૩ નો સમાવેશ થયેલ છે.

ભારત સરકારની ''વન નેશન વન રાશનકાર્ડ'' (ONORC) યોજના અંતર્ગત નવેમ્બર ૨૦૨૫ માં શહેરમાં ૬,૪૮૨ રાજકોટ જિલ્લાના લાભાર્થીઓ જયારે અન્ય જિલ્લાના ૩૧૪૭ લાભાર્થીઓ, અન્ય રાજ્યના ૪૯૫ લાભાર્થીઓને, રાજકોટ તાલુકામાં જિલ્લાના ૧૧૩૩૩, અન્ય જિલ્લાના ૭૭૪૩ અન્ય રાજ્યના ૯૫૪ લાભાર્થીઓ મળીને શહેર તેમજ તાલુકાના કુલ ૧૭,૮૧૫ લાભાર્થી રાજકોટ જિલ્લાના, ૧૦,૮૯૦ અન્ય જિલ્લાના અને ૧,૪૪૯ અન્ય રાજ્યના નાગરિકોને રાશન પૂરું પાડવામાં આવ્યું છે.

રાજકોટ શહેર જિલ્લામાં ૯૧.૪૪ ટકા ઈ-કેવાયસી કામગીરી પૂર્ણ થઈ ચુકી હોવાનું તેમજ રાજકોટ જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનોની તપાસ અને સીઝ કરાયેલી દુકાનની વિગત રજૂ કરાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહ, કલેક્ટર ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો આર. આર.ફૂલમાલી, બોલબાલા ટ્રસ્ટના અધ્યક્ષ જયેશભાઈ ઉપાધ્યાય વગેરે ઉપસ્થિત રહયા હતા.

### ગુજરાતની સાંસ્કૃતિક ભાવનાને પ્રતિબિંબિત કરતી અતિ આધુનિક અને આત્મનિર્ભર ભારતના પ્રતીક સમી ટ્રેનનું સ્વાગત

# અમદાવાદને મળી પ્રથમ મેક ઈન ઈન્ડિયા મેટ્રો ટ્રેન




રાજકોટ, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેરને તેની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત 'મેક ઈન ઈન્ડિયા' મેટ્રો ટ્રેનની ભેટ શનિવારે આપી હતી. કલકત્તા નજીક ટિટાગઢ રેલ સિસ્ટમ્સના આધુનિક પ્લાન્ટની મુલાકાત લઈને મુખ્યમંત્રીએ અમદાવાદ મેટ્રો રેલ માટેના કોચીસનું લોન્ચિંગ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારતને વેગ આપતું આ મહત્વપૂર્ણ કદમ ગુજરાત માટે ગૌરવરૂપ છે એમ તેમણે જણાવ્યું હતું.

ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા તેના ફેસેલિટી પ્લાન્ટમાં આ ટ્રેન મેક ઇન ઇન્ડિયા અંતર્ગત સ્વદેશી રીતે બનાવવામાં આવી રહી છે. આધુનિક મેટ્રો અને મુસાફર કોચના ઉત્પાદન માટે સક્ષમ આ પ્લાન્ટ અદ્યતન અને આધુનિક તકનીક તથા સાધનસામગ્રી સાથે સ્થાપિત કરવામાં આવેલો છે. ટિટાગઢ પ્લાન્ટમાં દેશના અનેક રાજ્યોના લોકો કાર્યરત છે તે પણ એક ભારત - શ્રેષ્ઠ ભારતનો વડાપ્રધાનશ્રીનો મંત્ર ચરિતાર્થ કરે છે તે માટે પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

અમદાવાદને મળી રહેલી આ મેટ્રો ટ્રેન શહેરમાં મેટ્રો રેલ વ્યવસ્થાની વધતી માંગ અને લોકપ્રિયતાને પહોંચી વળવા સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સને સુગમ બનાવશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (ૠખઙ્ઈક)એ કોલકાતા સ્થિત ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડને ૧૦ ટ્રેનોનો ઓર્ડર આપ્યો છે. આ ટ્રેન ફેઝ-૨ના ૨૧ કિ.મી.નું કાર્ય પૂર્ણ થતાં અને બાકીનો ભાગ ટૂંક સમયમાં કાર્યરત થવાથી ઊભી થનારી વધારાની ટ્રેનોની જરૂરિયાતને પહોંચી વળશે.

અમદાવાદ મેટ્રો અત્યારે દરરોજ ૧.૬ લાખથી વધુ મુસાફરોને સેવા આપે છે અને તેમાં વાર્ષિક ૩૦૪૦%ની વૃદ્ધિ થઈ રહી છે. આવનારા દિવસોમાં મેટ્રો રેલ સેવાનો આ દાયરો વધારીને સુરતમાં પણ મેટ્રો કાર્યરત થવાની છે એમ શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉમેર્યું હતું.ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલથી બનેલી આ મેક ઈન ઈન્ડિયા ટ્રેનોમાં રંગો અને ડિઝાઈનનો જે વિશેષ સ્પર્શ આપવામાં આવ્યો છે તે અમદાવાદની સંસ્કૃતિ અને પરંપરાને પ્રતિબિંબિત કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મેટ્રો રેલ માટે સ્વીકારેલી પ્રથમ મેક ઈન ઇન્ડિયા મેટ્રો ટ્રેન અંતિમ પરીક્ષણો પછી તથા સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મળ્યા બાદ થોડા જ દિવસોમાં અમદાવાદ પહોંચાડવામાં આવશે. ત્યારબાદ મુસાફરોની સેવામાં મૂકવામાં આવશે. એટલું જ નહિ, અમદાવાદ માટે બાકી રહેલી ૯ ટ્રેનો પણ ટિટાગઢ દ્વારા આગામી ૫૬ મહિનામાં તબક્કાવાર પૂરી પાડવામાં આવશે. વૈશ્વિક સ્તરે લાગુ પડતા તાજેતરના આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસસંગત આ મેક ઈન ઇન્ડિયા ટ્રેન ગુજરાત માટે ગૌરવરૂપ બનશે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન એવા વિઝનરી લીડર છે કે, તેઓ દરેક કામમાં ભવિષ્યલક્ષી આયોજન અને નાનામાં નાના માનવીના ભલાનો વિચાર કરીને જ આગળ વધે છે. તેમના દિશાદર્શનમાં દેશના વિકાસમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટની જે મહત્વપૂર્ણ ભૂમિકા છે તેની વિગતો આપતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પાછલા વર્ષોમાં દેશમાં રેકોર્ડ બ્રેક ગતિએ સડક નિર્માણ થયું છે. એરપોર્ટની સંખ્યા બમણી થઈ છે અને મેક ઇન ઇન્ડિયા સેમી હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેનથી રેપીડ ટ્રાન્ઝિસ્ટને નવી દિશા મળી છે. ૨૦૧૪માં મેટ્રો નેટવર્ક ૨૪૮ કિલોમીટર હતું તે ૨૦૨૫માં વધીને ૧૦૧૩ કિલોમીટર થયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મેટ્રો ટ્રેનના કોચિસના વિશેષ લક્ષણોની તલસ્પર્શી જાણકારી કોચ નિરીક્ષણ અને પ્લાન્ટના વરિષ્ઠ ઇજનેરો સાથેની ચર્ચા દ્વારા મેળવી હતી. આ મેટ્રો ટ્રેન શ્રેષ્ઠ શ્રેણીની ફાયર સેફટી સહિત અન્ય સુરક્ષા સુવિધાઓ તથા ગ્રેડ ઓફ ઓટોમેશન ૪ (ૠઘઅ૪) હેઠળ સંપૂર્ણ ઓટોમેટેડ, ડ્રાઈવરલેસ ટ્રેન તરીકે કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે તેમ તેમને ટિટાગઢ રેલ સિસ્ટમ્સના ઈજનેરોએ જણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર શ્રી ડો. હસમુખ અઢીયા, મુખ્યમંત્રીના સલાહકાર અને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એસ. એસ. રાઠૌર, ટિટાગઢ રેલ સિસ્ટમ્સના મેનેજિંગ ડિરેક્ટર ઉમેશ ચૌધરી તેમજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન અને ટિટાગઢ રેલ સિસ્ટમ્સના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટિટાગઢ રેલ સિસ્ટમ્સ નેક્સ્ટ જનરેશન વંદે ભારત સ્લીપર ટ્રેનો અને પુણે, બેંગલુરુ, મુંબઈ, સુરત તથા અમદાવાદ જેવા અનેક શહેરો માટે મેટ્રો ટ્રેનોના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. ભારતના મહત્ત્વાકાંક્ષી હાઈ-સ્પીડ કાર્યક્રમ માટે ભવિષ્યમાં ઉચ્ચ ગતિની ટ્રેનો બનાવવાની ક્ષમતા વિકસાવવા માટે પણ સુવિધાઓનું વિકાસ કાર્ય આ પ્લાન્ટમાં હાથ ધરવામાં આવ્યું છે. એટલું જ નહિ, કંપની ભારતની સૌથી મોટી વેગન ઉત્પાદક છે તેમજ નૌસેના અને અન્ય વિશેષ ઉપયોગો માટે જહાજોનું ઉત્પાદન પણ કરે છે.

# બેંક કર્મીની સર્તકતા જ સાયબર અપરાધ રોકી શકશે : DCP

### રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં સાયબર અપરાધને રોકવા-મ્યુલ ખાતાની ઓળખ કરવામાં બેંકરની ભૂમિકા વિષયક સેમિનાર સંપન્ન



રાજકોટ, તા.૨૦

સમયની સાથે કદમ મિલાવતાં અને આવનારા પડકારોની સામે સજ્જ થવા, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. સાયબર અપરાધને રોકવા અને મ્યુલ ખાતાની ઓળખ કરવામાં બેંકરની ભૂમિકા' વિષયક અતિ અગત્યનો સેમિનાર બેંકની હેડ ઓફિસ, અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય, રાજકોટ ખાતે યોજાયો હતો. તેમાં ડી.સી.પી.-ક્રાઇમ જગદીશ બાંગરવા અને જે. એમ. કેલા (પીઆઇ-સાયબર ક્રાઇમ બ્રાંચ-) દ્વારા સમયોચિત્ત માર્ગદર્શન અપાયું હતું.

ડી.સી.પી.-ક્રાઇમના જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, સાયબર ક્રાઇમ દ્વારા કે મ્યુલ ખાતાઓની રકમ દેશની બહાર જાય છે ત્યારે તેનો ઉપયોગ દેશ વિરોધી પ્રવૃત્તિમાં પણ થતો હોય છે. અત્યારના સમયમાં પરપરાગત ગુનાઓથી પણ વધારે સાયબર અપરાધ થતા હોય છે. તેનો ભોગ બનનાર ઘણીવાર અજ્ઞાનતા, ડર, કે પ્રતિષ્ઠા ગુમાવવાના ભયને કારણે ફરિયાદ નોંધાવતા હોતા નથી. મ્યુલ ખાતાઓ અંગે આપણે જોઇએ તો, પોતાનું બેંક ખાતુ પેસાની લાલચમાં કે કોઇપણ કારણસર અન્યને વપરાશ માટે આપવું ગુનાને પાત્ર છે. વપરાશ કરનાર તે ખાતામાં કંઇપણ કરે તો તેની જવાબદારી જે તે બેંક ખાતેદારની જ બને છે. આ તકે સર્વે બેંક કર્મચારીગણને પણ આહ્વાન કરીએ છીએ કે, તમારી પાસે કોઇ ખાતાધારક પેસા ઉપાડવા આવે ત્યારે થોડા સર્તક રહો. જે તે ખાતા સબંધીત થોડી માહિતી પુછો. અચાનક કોઇ ખાતામાં મોટી રકમની લેવડ-દેવડ થાય કે વપરાશ વધી જાય તો પુછપરછ કરશો અને આવનાર વ્યક્તિનું વર્તન ધ્યાનથી જોશો તો તેના આધારે સાયબર અપરાધ બનતો અટકાવી શકાશે.

બેકના ચેરમેન દિનેશભાઇ પાઠકે હાર્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. ૭૩ વર્ષ જુની બેંક છે. ખૂબ જ નાની મૂડીથી શરૂ થયેલી આ બેંક અત્યારે ૧૧ હજાર ૨૦૦ કરોડથી વધુનો બિઝનેશ મિક્સ ધરાવે છે. સતત પાંચ વર્ષથી નેટ એનપીએ ઝીરો છે. ગત વર્ષમાં બેંકિંગના કુલ વ્યવહારો પેકી ૯૧ ટકા ડીજીટલી હતા તેની સામે છેલ્લા છ માસ દરમિયાન ૯૩ ટકા વ્યવહાર ડીજીટલી થયા છે. મ્યુલ એકાઉન્ટ શું છે તેના વિશે જે એજન્સી કામ કરે છે, આ પ્રકારના ગુનાઓને અટકાવવા કે થયા બાદ કાર્યવાહી કરતી એજન્સીના લોકો આપણે આંગણે આવીને માર્ગદર્શન આપવાના છે.

સાયબર ક્રાઇમ સમજવા માટે આપણા માટે મોટી તક છે. અત્યારના સમયમાં ખૂબ જ ઉપયોગી અને અગત્યના વિષય ઉપર આપણે માર્ગદર્શન મેળવીએ અને જાગૃત બનીએ સાથોસાથ આપણા પરિવારને જાગૃત બનાવીએ. સાઇબર ક્રાઇમ-રાજકોટના પીઆઇ શ્રી જે. એમ. કેલાએ જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા કોઇને પણ ડીજીટલ એરેસ્ટ કરાતા નથી. સાઇબર ક્રિમીનલો નકલી પોલીસ બની, તેના જેવું જ સેટ-અપ બતાવી, ખોટી નોટીસ દર્શાવી, કોર્ટનું પણ ખોટું સેટ-અપ દર્શાવી, ડીજીટલ એરેસ્ટ કરે છે અને ધીમે-ધીમે વ્યક્તિને ફસાવતાં જતાં હોય છે. અંતમાં મોટી રકમ ટ્રાન્સફર કરાવી લે છે. આવી જ રીતે શેર માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ સ્કેમ, લાઇટ બીલ ન ભરવાથી લાઇટ ડીસકનેકટ કરવી, ન્યુડ વિડીયો દ્વારા બ્લેકમેઇલ, ફીશીંગ લીંક કે એપીકે ફાઇલ મોકલવી, ઇન્સ્ટન્ટ લોન એપ્લીકેશન ફોડ, ટાસ્ક ફ્રોડ, સીમ સ્વાઇપ ફ્રોડ, પોસ્ટ ઓફિસ પાર્સલ ફ્રોડ વગેરે જોવા મળે છે. સરકાર દ્વારા હેલ્પલાઇન નં. ૧૯૩૦ છે. જેમાં તાત્કાલીક ફરીયાદ કરવી જોઇએ. ખાસ અપીલ છે કે ડીજીટલ ફુટ પ્રિન્ટ ઘટાડો, ગેમીંગ સાઇટથી સાવધાન રહો.

સેમિનારમાં દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેકટરગણમાંથી ચંદ્રેશભાઇ ધોળકીયા, અશોકભાઇ ગાંધી, માધવભાઇ દવે, વિક્રમસિંહ પરમાર, ભૌમિકભાઇ શાહ, બ્રિજેશભાઇ મલકાણ, ડો. એન. જે. મેઘાણી, કિર્તીદાબેન જાદવ, જ્યોતિબેન ભટ્ટ, શેલેષભાઇ મકવાણા (કો-ઓપ્ટ), વિનોદ શર્મા (જનરલ મેનેજર- સીઇઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી હસરાજભાઇ ગજેરા, વિનોદભાઇ લાઠીયા, હર્ષિતભાઇ કાવર (કન્વીનર) અને કર્મચારીગણ, રૂબરૂ તેમજ ઓનલાઇન વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી અગત્યનું માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમનું સરળ અને સફળ સંચાલન યોગેશભાઇ દવેએ ક્યું હતું.

# સત્યમેવ જયતે રેલીમાં કોંગી આગેવાનોની અટકાયત

## કાર્યક્રમમાં રાજકોટ કોંગ્રેસ પ્રમુખ જાડેજા, ભટ્ટી, રાજપૂત સહિતનાં આગેવાનોની પોલીસે કરી અટક

રાજકોટ, તા. ૨૦
નેશનલ હેરાલ્ડ કેસમાં જે રીતે કોર્ટ દ્વારા ગાંધી પરિવાર ને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા તે બાદ કોંગ્રેસ પક્ષમાં એક અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે અને તેઓના જણાવ્યા અનુસાર હાલ ભાજપની જે દમણકારી નીતિ છે તેની સામે કોંગ્રેસ દ્વારા સત્યમેવ જયતે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું છે ત્યારે ગઈકાલે આયોજિત આ રેલીમાં રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ સહિત અન્ય આગેવાનોની પોલીસે અટકાયત કરી હતી કારણ કે કોંગી આગેવાનો દ્વારા રેલી સ્વરૂપે ભાજપ કાર્યાલયનો ઘેરાવનો કાર્યક્રમ હાથ ધર્યો હતો.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાના જણાવ્યા મુજબ તાજેતરમાં નેશનલ હેરાલ્ડ કેસમાં અદાલતે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને સંપૂર્ણ રીતે નિર્દોષ જાહેર કરી ઈડી અને સીબીઆઇને ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવેલ સત્તાનો દૂરપયોગનો પર્દાફાસ થયો છે.

શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સીધી દોરવણી હેઠળ સતા સામે લોકશાહી ઢબે અવાજ ઉઠાવનારા કોંગ્રેસના આગેવાનો અને કોંગ્રેસના નેતૃત્વ ને કનડગત કરે છે અને ખોટા કેસ કરી જેલ ભેગા કરવાની આપે છે ત્યારે સત્ય ન્યાય અને લોકશાહીની જીતના આ અવસરે સત્યમેવ જયતે ના નારા સાથે રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસેથી ભાજપ કાર્યાલય સુધી સત્યમેવ જયતે ની ભવ્ય રેલી સાથે ભાજપ કાર્યાલય ખાતે કોંગ્રેસના તમામ હોદ્દેદારો, વર્તમાન કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો, ફ્રન્ટલ સેલ ચેરમેન, વોર્ડ પ્રમુખો, ગજાઈ, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, શક્તિ સુપર શી, કોંગ્રેસ સેવાદળ, એસસી સેલ, એસટી સેલ, મીડીયા સેલ, ફરિયાદ સેલ, માઈનોરીટી સેલના આગેવાનો સહિત ભાજપ કાર્યાલય તરફ ધસી જતા પોલીસ દ્વારા બેરીકેડ મૂકી શાસકોના આદેશથી પોલીસને રાજકીય આથો બનાવી પ્રમુખ ડો. રાજદીપસિંહ અને જશવંતસિંહ ભટ્ટી, મહેશભાઈ રાજપુત સહિતના આગેવાનોની અટકાયત કરી હતી. થોડા સમય પહેલા જ્યારે ભાજપ ના આગેવાનો કોંગ્રેસ કાર્યાલય ઘસી ગયા હતા ત્યારે પોલીસે એક પણ આગેવાનની ધરપકડ કરી ન હતી. પોલીસને બેધારી અને બેવડી નીતિ ખુલ્લી પડી ગઈ હતી.

કાર્યક્રમમાં રાજકોટ કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિહજી જાડેજા, પ્રદેશ કોંગ્રેસ અગ્રણી મહેશભાઈ રાજપુત, પૂર્વ કોર્પોરેટર અતુલ રાજાણી, મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દીપ્તિબેન સોલંકી, જશવંતસિંહ ભટ્ટી, ડો. નયનાબા જાડેજા, મનીષાબા વાળા, ડી પી મકવાણા, ગોપાલ અનડકટ, દિપભાઈ ભંડેરી, આદિત્ય શ્રી ગોહિલ, બ્રિજરાજસિંહ રાણા, ગોવિંદભાઈ સભાયા, મેહુલભાઈ પટેલ, સુરેશભાઈ ગેરૈયા, સંજયભાઈ લાખાણી, ગૌરવ પુજારા, હેમલભાઈ પેસીવાડીયા, પ્રભાતભાઈ ડાંગર, ગૌરવભાઈ ખીમસુરીયા, કૃષ્ણદત રાવલ, રામદેવસિંહ વાઘેલા, જસુબા વાંક, પ્રવીણભાઈ રોજાસરા, રણજીત મુંધવા, સહિતના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.





### ધારાસભ્ય સહિતના પદાધિકારીઓના પ્રશ્નોનો નિયત સમયમર્યાદામાં ઉકેલ લાવવા કલેક્ટરની સૂચના

# સરકારી કચેરીઓમાં સોલાર રૂફટોપ લગાવવા અનુરોધ

રાજકોટ, તા. ૨૦
રાજકોટ જિલ્લાની ડિસેમ્બર માસની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ગઈકાલે કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. જેમાં જન પ્રતિનિધિઓએ રજૂ કરેલા વિવિધ ૫૧ પ્રશ્નો વિશે સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના પ્રશ્નના જવાબમાં કલેક્ટરએ તમામ સરકારી વિભાગના અધિકારીઓને તેમના વિભાગ દ્વારા થયેલા વિકાસ કામોની સંપૂર્ણ માહિતી ધારાસભ્યને પૂરી પાડવા સૂચના આપી હતી. સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડની સફાઈ તથા અન્ય આનુષંગિક સેવાઓ વિશે કલેક્ટરએ સંપૂર્ણ વિગતો મેળવી હતી અને ડીન ડો.મોનાલી માકડીયાને યોગ્ય કરવા તાકીદ કરી હતી. તમામ સરકારી કચેરીઓમાં સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરવા પણ કલેક્ટરએ અનુરોધ કર્યો હતો.

કાર્યપાલક ઇજનેર એસ. એસ. જાનીએ જણાવ્યું હતું કે પોસ્ટ મોનસૂન સર્વેમાં ૧૭૬ જર્જરિત અને વણવપરાયેલી મિલકતો નિયત કરાયા છે, જે પૈકી ૭૬ બિલ્ડીંગ તોડી પડાયા છે અને બાકીના ૧૦૦ બિલ્ડીંગો કોર્ડન કરી નાગરિકોને અવરજવર ન કરવા અને સાવચેત રહેવાની સૂચના લગાવી દેવાઈ છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવીઝન (જંઈછ)ની કામગીરી નિયત સમયમાં અને અસરકારક રીતે પૂર્ણ કરવા બદલ કલેક્ટરએ આ કાર્ય સાથે સંલગ્ન તમામ અધિકારીઓ અને કર્મચારીઓની સરાહના કરી હતી.



આ બેઠકમાં પડવલા-પીપલાણા રોડ પર ટ્રાફિકની સમસ્યાનું નિવારણ, એઈમ્સથી હીરાસર એરપોર્ટ સુધી સિટી બસ શરૂ કરવા, સરકારી જમીન પરનું દબાણ દૂર કરવા, પી.એમ. સૂર્યઘર યોજના વગેરે અંગે ચર્ચા કરવામાં આવી હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેકટર એન.કે. મુછારે ઉપસ્થિતોને આવકાર્યા હતા.

મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સામાજિક ન્યાય અને અધિકારી સમિતિના અધ્યક્ષ ભાનુબેન બાબરીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, આસીસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડી. સી.પી. હેતલ પટેલ તથા રાકેશ દેસાઇ, નિવાસી અધિક કલેકટર એન. કે. મુછાર, નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલા, રૂડાના ચેરમેન ગૌતમ મિયાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, એડીશનલ કલેક્ટર ઈલાબેન ચૌહાણ, નાયબ કલેક્ટર ઈશિતા મેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પ્રિયંક ગલચર, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડા, પ્રાંત અધિકારીઓ રાહુલ ગમારા, એન.એમ.તરખલા, ચાંદની પરમાર, વિમલ ચક્રવર્તી અને આર.આર.ખાંભરા સહિત ફરિયાદ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ધર્મેન્દ્ર રોડ પર વેપારીઓને પાથરણાવાળાનો ત્રાસ

## મંગળવારે અડધો દિવસ વ્યવસાય રાખશે બંધ : લાખાજીરાજ તથા ધર્મેન્દ્ર રોડ ને નો ફેરીયા ઝોન જાહેર કરવા તંત્રને માંગ

રાજકોટ, તા. ૨૦
જુના રાજકોટમાં આવેલી લાખાજીરાજ તથા ધર્મેન્દ્ર રોડ માર્કેટ હાલ ફેરીયાઓ માટે બની ગઈ હોય તેવું જાણવા મળ્યું છે અગાઉ પણ અહીં વેપારીઓ દ્વારા તંત્રને ફરિયાદ કરી હતી કે પાથરણાવાળાઓનો ત્રાસ જે રીતે જોવા મળી રહ્યો છે તે અકલ્પનીય છે તેનાથી જે દુકાનદારો છે તેઓને વ્યવસાય કરવો ખૂબ મુશ્કેલ બને છે. અગાઉ તંત્ર દ્વારા વચલો રસ્તો કાઢવામાં આવ્યો હતો પરંતુ તે પણ યોગ્ય રીતે ન ચાલતા ફરી વખત દુકાનદારોમાં રોષ વ્યાપી ઉઠ્યો છે અને મંગળવારે બંધ રાખવાની ચીમકી પણ ઉચ્ચારી છે આ મુદ્દો હાલ અત્યંત વિકરાળ બનતો જોવા મળી રહ્યો છે. આ બજારમાં વ્યવસાય કરતા જે વેપારીઓ છે તેમનું કહેવું છે કે તેઓએ કરોડો રૂપિયાના ખર્ચે મિલકત ખરીદી છે પરંતુ હાલ જે દૂષણ પથારા વાળાઓનું જોવા મળી રહ્યું છે તેના કારણે તેઓ યોગ્ય રીતે વ્યવસાય પણ કરી શકતા નથી જેથી મંગળવારના રોજ અડધો દિવસ વેપાર ધંધો બંધ રાખવાની ચીમકી પણ ઉચ્ચારી છે. સાથોસાથ આ પ્રશ્નોનું તાકીદે નિરાકરણ લાવવા માટે નો ફેરિયાઝોન ની માંગણી કરવામાં આવી છે અને સામે ૨૭૦ જેટલા વેપારીઓ ધરણા પર બેસવાના હોવાનું પણ જાણવા મળ્યું છે. ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હવે તંત્ર ફરી શું નિર્ણય લેશે તે જોવાનું રહ્યું. વેપારીઓ દ્વારા મ્યુનિસિપલ કમિશનર તથા પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી છે અને યોગ્ય નિર્ણય લાવવા જણાવ્યું છે.



રાજકોટની સૌથી જુની મુખ્ય બજાર લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ પર ગેરકાયદેસર પાથરણાવાળાઓનો કબ્જો ચાલુ જ છે. દરરોજ સાંજે તો ફરી તહેવારના દિવસોમાં જેવી હાલત હોય છે એવી જ સ્થિતિ સર્જાઇ જાય છે અને સ્કુટર પણ માંડ નીકળે છે. આ રોડ દર રવિવારે રવિવારી બજારમાં ફેરવાઇ જાય છે.

છેલ્લા અઠવાડિયાથી વેપારીઓ વચ્ચે થતી ચર્ચાના અંતે હવે ફરી લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસો.ના વેપારીઓએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસો. દ્વારા સપ્તાહ પૂર્વે એક મીટીંગ યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં લાખાજીરાજ રોડ પર ગેરકાયદેસર રીતે બેસતા પાથરણાવાળા, રેકડીવાળા અને રીક્ષા વાળાઓના દબાણને દૂર કરવા મંગળવારે બપોરે ૧ વાગ્યા સુધી વેપાર-ધંધા બંધ રાખી ધરણા પ્રદર્શન કરશે.વેપારીઓ સાંગણવા ચોક પાસે એકત્ર થઈ ધરણા પર બેસી ગેરકાયદેસર દબાણ અંગે વિરોધ પ્રદર્શન કરશે. છેલ્લા ચાર વર્ષથી લાખાજીરાજ રોડ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દબાણ કરી બેસણા પાથરણા વાળા સામે વેપારીઓ અનેક વખત રજૂઆત કરી છે છતા તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા લેવામાં ન આવતા વેપારીઓએ કંટાળી ધરણા આંદોલનનો કાર્યક્રમ આયોજીત કર્યો છે.

ગત જન્માષ્ટમી અને દિવાળીના તહેવારોમાં વેપારીઓએ મ્યુનિ. કમિશ્નરને ઉગ્ર રજૂઆત કરતા તહેવારો દ્રમ્યાન પાથરણા વાળાને બેસવાની મનાઈ કરી હતી પરંતુ આ કામગીરી પણ માત્ર થોડા દિવસની જ રહી અને પરિસ્થિતિ જેવી હતી તેવી જ ઉભી થઈ ગઈ છે. તા.૨૩ના બપોરે ૧ વાગ્યા સુધી વેપાર ધંધા શોરૂમ દુકાનો બંધ રાખી ધરણા કરશે ત્યારબાદ વેપારીઓ મ્યુનિ. કમિશ્નરને આવેદનપત્ર પાઠવશે.

લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડના અંદાજે ૨૭૦થી વધુ વેપારીઓએ ધરણાની ચીમકી ઉચ્ચારી છે. હવે વેપારીઓ લડી લેવાના મૂડમાં છે. તેઓની માંગ છે કે મુખ્ય બજારો પર ગેરકાયદેસર રીતે રસ્તો રોકીને રસ્તો રોકતા પાથરણા વાળા, લારીવાળાને હટાવી આ એરીયાને 'નો લારીઝોન' જાહેર કરવામાં આવે. લાખાજીરાજ રોડના વેપારીઓએ વારંવાર તંત્રને રજૂઆત કરવા છતા કોઈ નિર્ણય ન આવતા વેપારીઓ હવે ધરણા પ્રદર્શન કરશે. સાથે જ કાયમી પોલીસ બંદોબસ્તની માંગણી પણ એસો. દ્વારા કરવામાં આવી છે.

જુના રાજકોટની આ બજારોમાં ટ્રાફિકનો એવો ગંભીર પ્રશ્ન છે કે પરાબજાર, લાખાજીરાજ રોડ પર થ્રી વ્હીલર કે તેથી મોટા વાહનોના પ્રવેશ પર નિયંત્રણ હોય છે. પરંતુ પોલીસ અને દબાણ હટાવ વિભાગની ટીમોના સતત રાઉન્ડ વચ્ચે ફેરીયાઓ કે દબાણકારો માટે કોઇ રોકટોક નથી. થોડા મહિના પહેલા દિવાળી ઉપર ફેરીયાઓને લાખાજીરાજ રોડ લાગુ શાળાના મેદાનમાં જગ્યા ફાળવવામાં આવી હતી.

# જનકલ્યાણ શિવવંદના પદયાત્રાનો પ્રારંભ

## મંદિર પર નૂતન ધ્વજાનું આરોહણ : ઘેલા સોમનાથ દાદાના આશીર્વાદ લઈને પદયાત્રા શરૂ કરતા મંત્રી બાવળિયા

રાજકોટ, તા. ૨૦
ગુજરાતના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ દેશ-રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારી અર્થે ઘેલા સોમનાથ થી સોમનાથ સુધીની ૨૨૯ કિ.મી લાંબી 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા'નું આયોજન કર્યું છે. જેના પ્રસ્થાન પ્રસંગે મંત્રીશ્રીએ ઘેલા સોમનાથ દાદાના આશીર્વાદ લઈને સોમનાથ મંદિર તરફ પ્રયાણ કર્યું હતું.

રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સોમપીપળીયા ગામમાં આવેલાં પ્રસિદ્ધ ઘેલા સોમનાથ મંદિર ખાતે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ઘેલા સોમનાથ મહાદેવજીનું વિધિવિધાન પ્રમાણે પૂજન કરીને ઈશ્વરના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. સામાજિક સમરસતા, સાંપ્રદાયિક સમભાવ, નાગરિકોની સુખાકારી, દેશના સર્વાંગી વિકાસ તથા જનકલ્યાણની ભાવના સાથે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આ યાત્રાનું આયોજન કર્યું છે.આ પદયાત્રામાં મંત્રીશ્રી વિવિધ ગામોના નાગરિકો તથા છેવાડાના લોકો સાથે રૂબરૂ સંવાદ સાધશે અને સરકાર તેમની સાથે હોવાની પ્રતીતિ કરાવશે.





આ પ્રસંગે ઘેલા સોમનાથ મંદિર પર નૂતન ધ્વજાનું આરોહણ કરાયું હતું. ત્યારે 'હર હર મહાદેવ'ના જય-જયકાર અને ઢોલ-નગારાના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીની આગેવાનીમાં યાત્રિકોએ માધવીપુર ગામે જવા વાજતેગાજતે પ્રસ્થાન કર્યું હતું. આ યાત્રાનો ઉદેશ્ય સ્પષ્ટ કરતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, યાત્રાનો હેતુ સામાજીક અને આધ્યાત્મિક વધુ છે, લોકોનું કલ્યાણ થાય, રાજય-દેશનો સાર્વત્રિક વિકાસ થાય, કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચે, નાગરિકોની સુખાકારી વધે તેમજ સાંપ્રદાયિક સમભાવમાં વૃધ્ધિ થાય તે માટે પ્રાર્થના કરવા આ 'જન કલ્યાણ શિવવંદના પદયાત્રા' યોજાઈ રહી છે. યાત્રાનાં માર્ગમાં આવતા વિવિધ ધર્મસ્થાનકોએ પ્રાર્થના કરવામાં આવશે. લોકોનું સર્વ પ્રકારે મંગલ થાય તેવા ઉદેશ્યથી આ યાત્રાનું આયોજન કરાયું છે.

આ વેળાએ મંદિર ખાતે બાળાઓ અને યાત્રા માર્ગમાં આવતાં ઘરો પાસે મહિલાઓએ મંત્રીનું પરંપરાગત સામૈયું કર્યું હતું. યાત્રિકોની આગળ ચાલતાં રથમાં ધાર્મિક ગીતોના સથવારે લોકો હાથમાં ધ્વજા લઈને પગપાળા ફર્યા હતાં. આ તકે વિંછીયા તાલુકા વિકાસ અધિકારી પાર્થભાઈ પરમાર, અગ્રણીઓ ભાવેશ વેકરીયા, રેખાબેન સગારકા સહિત બહોળા પ્રમાણમાં સ્થાનિકો જોડાયા હતાં.

ઉલ્લેખનીય છે કે, આ પદયાત્રા માધવીપુર બાદ ગોડલાધારથી ગઢડીયા (જસ), જસદણ, આટકોટ ખારચીયા (જામ) થઈને મોટા દડવા ગામમાં યાત્રિકો રાત્રિ રોકાણ કરશે. તેમજ વેરાવળમાં આવેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૨૭ ડિસેમ્બરે આ પદયાત્રાનું સમાપન થશે. જેમાં ધર્મસ્થાનકોએ દેવદર્શન અને સરકારની વિવિધ યોજનાઓનો પ્રચાર કરાશે. આશરે ૨૨૯ કિ.મી. લાંબી આ પદયાત્રાના માર્ગમાં લોક સંવાદ-સાંસ્કૃતિક કાર્યક્રમો-દેશભકિતનાં ગીતો-લોકડાયરાઓનું આયોજન પણ કરવામાં આવશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# આત્મનિર્ભર, આત્મનિંભર

## સશક્ત નારી મેળા વિશેષ વિચાર જરૂરી



સરકારના આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ગુજરાતભરમાં સશક્ત નારી મેળાનું આયોજન થયું છે. રાજકોટમાં આયોજિત આ મેળાનું આજે સમાપન થવાનું છે. નારી ખુદ શક્તિ સ્વરૂપા છે. પોતાની આ શક્તિની ઓળખ થાય અને મહિલા જગત આત્મનિર્ભર બને પોતાની આગવી આભા સ્થાપિત થાય તેવો શુભ ઉદ્દેશ આ મેળાનો છે.

આવા આયોજનો આવકાર્ય છે. પણ, વર્તમાન સમયમાં મહિલાઓની સ્થિતિ સાથે આવા આયોજનોની તુલના થવી જરૂરી છે. સરકારના ઉદ્દેશ મોટાભાગે શુદ્ધ જ હોય છે. પરંતુ, નીચેનું તંત્ર મૂળ ઉદ્દેશ ભૂલીને કરવા ખાતર કે ઔપચારિકતાથી આયોજન કરતા હોય છે.

જો કે, અહીં મુદ્દો થોડો જુદો છે. છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતમાં મહિલા જગતે ધમધોકાર પ્રગતિ કરી છે. લગભગ દરેક ક્ષેત્રમાં મહિલાઓ ચાવીરૂપ ભૂમિકામાં છે. આ પ્રગતિ મહિલાઓના શક્તિ સ્વરૂપના જ દર્શન ગણાય.

વર્તમાન સમયમાં મુખ્ય અવરોધ મહિલા સામે સુરક્ષાનો છે. આર્થિક આત્મનિર્ભર ખુદની રીતે બનવા સક્ષમ છે જ. માત્ર શહેરની જ નહિ ગ્રામિણ મહિલાઓ પણ ખુદની રીતે આત્મનિર્ભર બનાવી રહી છે. સૌથી મોટું જોખમ મહિલાની સલામતીનું છે.

છેલ્લા દોઢેક દાયકામાં ગુજરાતમાં ગુન્હાખોરીનું પ્રમાણ અનહદ વધ્યું છે. મહિલા વિરોધી ગુન્હા પણ બેફામ બન્યા છે. શાંત ગણાતા રાજકોટમાં પણ મહિલા સુરક્ષાની કોઇ ગેરન્ટી રહી નથી. આ બાબતથી તંત્ર કે શાસકો અજાણ નથી, પરંતુ મહિલા સુરક્ષા અંગે ગુજરાતમાં કોઇ રાજ્યવ્યાપી રણનીતિ નથી, એ હકીકત છે.

રેપથી માંડીને હત્યા સુધીના ગુન્હા નિરંતર બની રહ્યા છે. મહિલા સુરક્ષાનો મુદ્દો ગુજરાતમાં અવાર-નવાર ઉઠે છે. પણ, આ દિશામાં નક્કર કાર્ય થતું નથી. રાજનીતિમાં મહિલાઓને ભરપૂર નેતાગીરીની તક મળી છે. નિર્ણાયક રાજકીય પદો પર મહિલાઓ બિરાજમાન છે. પરંતું, આશ્ચર્ય એ છે કે મહિલા નેતાઓ પણ નારી સુરક્ષા મામલે મૌન રહે છે. ગુજરાતની મહિલા સંસ્થાઓ પણ આ મુદ્દે રણચંડી બનતી નથી.

મહિલા પર થતા ગુન્હાઓનું પ્રમાણ સતત વધતું જાય છે. તંત્રને જવાબદારીનું ભાન થતું નથી. મહિલા આર્થિક આત્મનિર્ભર બનવા સક્ષમ જ છે. પણ, તેની સુરક્ષા અંગે અધિકારીઓ-તંત્ર આત્મનિંભર બની ગયા છે.

આત્મનિર્ભર એટલે કોઇના આધાર વગર ઊભી શકવા સમક્ષ. આત્મનિંભર એટલે બેદરકાર, આળસુ, ક્ષમતાહીન. ગુજરાતનું તંત્ર મહિલા સુરક્ષા અંગે નિંભર થઇ ગયું છે. આ કારણે શક્તિ સ્વરૂપાનો વિકાસ રૂંધાય છે. સશક્તિકરણ મેળા કરવાને બદલે સુરક્ષાની ગેરન્ટીના અભિયાનો ચલાવવાની તાતી જરિયાત છે.

આ માટે આત્મનિંભર બની ગયેલા તંત્રને જવાબદારીનું ભાન કરાવવું પડશે. ભાન કરાવવાનું કાર્ય સરકાર અથવા લોકો જ કરી શકે છે.




# TMC પર મોદીના આકરા પ્રહાર

## તાહેરપૂરમાં વડાપ્રધાને મોબાઈલ દ્વારા સભાને સંબોધિત કરતા કહ્યું તૃણમૂળ કોંગ્રેસ ઘૂસણખોરોને બચાવવા જંઈછ્યો કરે છે વિરોધ



નવીદિલ્હી, તા. ૨૦
શનિવારે ધુમ્મસને કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું હેલિકોપ્ટર તાહેરપુરમાં ઉતરી શક્યું ન હતું. ત્યારબાદ પીએમ મોદીએ મોબાઇલ ફોન દ્વારા સભાને સંબોધિત કરી. પોતાના ભાષણમાં તેમણે ટીએમસી અને મમતા બેનજીર્ની સરકારો પર પ્રહારો કર્યા. તેમણે રાજ્યના લોકોને ડબલ એન્જિન ભાજપ સરકાર બનાવવાનો આગ્રહ કર્યો, અને કહ્યું કે તેમણે ભાજપને એક તક આપવી જોઈએ. તેમણે કહ્યું કે ટીએમસી ઘુસણખોરોને બચાવવા માટે એસઆઈઆરનો વિરોધ કરી રહી છે. વડા પ્રધાને કહ્યું કે ગયા મહિને બિહારે વિકાસ માટે એનડીએ સરકારને જંગી વિજય અપાવ્યો. ગંગા બિહારમાંથી વહે છે અને બંગાળ સુધી પહોંચે છે. બિહારે બંગાળમાં ભાજપની જીતનો માર્ગ મોકળો કર્યો છે. બિહારે સર્વાનુમતે જંગલરાજને નકારી કાઢ્યું છે. ૨૦ વર્ષ પછી, તેણે ભાજપ-એનડીએને વધુ બેઠકો આપી દીધી છે. પશ્ચિમ બંગાળમાં સંપૂર્ણ જંગલરાજ છે. આપણને તેનાથી મુક્તિની જરૂર છે. પશ્ચિમ બંગાળમાં દરેક બાળક આ કહી રહ્યું છે. પશ્ચિમ બંગાળમાં દરેક ગામ, શહેર, શેરી અને પડોશ આ કહી રહ્યું છે.

તેમણે કહ્યું કે અહીં એક એવી સરકાર છે જે કમિશનમાં વ્યસ્ત છે. હજારો રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ અટકી પડ્યા છે. તેમણે કહ્યું, ''મોદીનો વિરોધ કરો, પણ લોકોના સપના તોડી પાડવાનું પાપ ન કરો. હું રાજ્યના પ્રબુદ્ધ લોકોને અપીલ કરું છું કે તેઓ અહીં ડબલ એન્જિન ભાજપ સરકાર બનાવવાનો પ્રયાસ કરે.'' તેમણે કહ્યું, ''જે લોકો 'ગો બેક' ના નારા લગાવે છે તેઓ ઘુસણખોરો માટે ચૂપ રહે છે. તેઓ 'ગો બેક મોદી' ના નારા લગાવે છે. આ ટીએમસીનો સાચો ચહેરો છે. ટીએમસી ઘુસણખોરોને બચાવવા માટે બંગાળમાં એસઆઈઆરનો વિરોધ કરી રહી છે.'' તેમણે કહ્યું, ''સૌપ્રથમ, હું માફી માંગુ છું કે ખરાબ હવામાનને કારણે મારું હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં. ધુમ્મસને કારણે, ભાજપના કેટલાક કાર્યકરો ટ્રેન અકસ્માતનો ભોગ બન્યા. તેમના પરિવારો પ્રત્યે મારી સંવેદના. હું ઘાયલ થયેલા લોકો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરું છું. અમે તેમની સાથે છીએ.'' તેમણે કહ્યું, ''નાદિયા એ ભૂમિ છે જ્યાં કરુણા અને ભક્તિના મૂર્ત સ્વરૂપ ચૈતન્ય પ્રભુ પ્રગટ થયા હતા. પશ્ચિમ બંગાળની આ ભૂમિ બંકિમ બાબુની ભૂમિ છે.

ઋષિ બંકિમે વંદે માતરમ દ્વારાનવી ચેતના પ્રગટ કરી.'' પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કેન્દ્ર સરકાર દરેક નાગરિક સાથે ખભે ખભો મિલાવીને કામ કરી રહી છે. સરકાર એવી નીતિઓ બનાવી રહી છે જે દરેક ભાઈ-બહેનની ક્ષમતાઓમાં વધારો કરે છે. તેમણે નોંધ્યું કે પશ્ચિમ બંગાળને બે મોટા હાઈવે પ્રોજેક્ટ મળ્યા છે, જે કોલકાતા અને સિલિગુડી સાથે પ્રદેશના જોડાણમાં સુધારો કરશે. જ્યારે ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં, ત્યારે પીએમ મોદીએ મોબાઈલ ફોન દ્વારા બંગાળ રેલીને સંબોધિત કરી. તેમણે મમતા બેનર્જી સરકાર પર ''જંગલ રાજ'' અને ઘુસણખોરોને રક્ષણ આપવાનો આરોપ લગાવતા ટીએમસીની આકરી ટીકા કરી. પીએમ મોદીએ બંગાળમાં વિકાસ માટે ભાજપની આગેવાની હેઠળ ''ડબલ-એન્જિન સરકાર'' બનાવવાની હાકલ કરી.

### ભારતનો ૯૫ ટકા વિદેશી વેપાર દરિયાઈ માર્ગો અને બંદરો દ્વારા

# વિદેશ વ્યાપારમાં બંદરોની મહત્વની ભૂમિકા



નવીદિલ્હી, તા. ૨૦
ભારતના વિદેશ વેપારમાં બંદરો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લગભગ ૯૫ ટકા વિદેશી વેપાર દરિયાઈ માર્ગો અને બંદરો દ્વારા થાય છે. પરિણામે, કેન્દ્ર સરકારે બંદર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બંદર સુરક્ષા બ્યુરોની સ્થાપના કરવામાં આવશે. આ સંસ્થા સમયાંતરે બંદર અને સુરક્ષા મુદ્દાઓ પર માહિતી એકત્રિત કરશે, માહિતીનું વિશ્લેષણ કરશે અને વેપાર અને સુરક્ષાને વધુ ગંભીરતાથી સુનિશ્ચિત કરશે. અધિકારીઓએ આ માહિતી પૂરી પાડી છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આ બાબતે એક બેઠક બોલાવી હતી. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ અને નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ પણ આ સમર્પિત બંદર સુરક્ષા સંસ્થાની રચના અંગેની ચર્ચામાં ભાગ લીધો હતો. ગૃહ પ્રધાન અમિત શાહે દેશમાં મજબૂત બંદર સુરક્ષા માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે નિર્દેશ આપ્યો હતો કે સુરક્ષા પગલાં વ્યવસ્થિત અને જોખમ-આધારિત રીતે લાગુ કરવામાં આવે. બેઠકમાં નોંધવામાં આવ્યું હતું કે બંદર સુરક્ષા બ્યુરો નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરો (BCAS) ના મોડેલ પર બનાવવામાં આવશે. તેમાં એક ડિરેક્ટર જનરલ હશે. આ બ્યુરો બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયની અંદર કાર્ય કરશે. તે જહાજો અને બંદર સુવિધાઓની સુરક્ષા સંબંધિત નિયમો અને દેખરેખ માટે જવાબદાર રહેશે.

તેનું નેતૃત્વ એક IPS અધિકારી કરશે. શિપિંગ ડિરેક્ટર જનરલ (DGS/DGM) એક વર્ષ માટે BOPS ના ડિરેક્ટર જનરલની જવાબદારી સંભાળશે. બ્યુરો ઓફ પોર્ટ સિક્યુરિટી સમયસર સુરક્ષા માહિતીનું વિશ્લેષણ કરશે, જેનાથી વધેલા અને ઘટેલા જોખમોનું મૂલ્યાંકન કરી શકાય. ડેટા અને આંકડાઓનો ઉપયોગ કરવામાં આવશે. તેનું સાયબર સુરક્ષા પર પણ ખાસ ધ્યાન રહેશે. ડિજિટલ જોખમોથી પોર્ટ IT ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરવા માટે એક સમર્પિત વિભાગ પણ હશે. સરકારે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) ને માન્યતા પ્રાપ્ત સુરક્ષા સંગઠન (RSO) તરીકે નિયુક્ત કર્યું છે. તે સુરક્ષા મૂલ્યાંકન અને બંદર સુવિધાઓ માટે સુરક્ષા યોજનાઓ તૈયાર કરવા માટે જવાબદાર રહેશે.

# રાજધાની એક્સપ્રેસ હડફેટે આઠ હાથીના મોત

## આસામના હોજાઈમાં ટ્રેન અકસ્માત ટ્રેનના પાંચ ડબ્બા ખડી પડ્યા





રાજકોટ, તા. ૨૦
શુક્રવારે મોડી રાત્રે આસામના હોજાઈ જિલ્લામાં સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. રાજધાની એક્સપ્રેસનું એન્જિન પણ પાટા પરથી ઉતરી ગયું. રાત્રે હાથીઓનું એક ટોળું રાજધાની એક્સપ્રેસ સાથે અથડાયું. આ અકસ્માતમાં આઠ હાથીઓના મોત થયા અને એક હાથી ઘાયલ થયો. રેલવેના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં કોઈ મુસાફરોને ઈજા થઈ નથી. નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ ઘટનામાં પાંચ ડબ્બા અને ટ્રેનનું એન્જિન પાટા પરથી ઉતરી ગયું હતું, જોકે કોઈ મુસાફરોને ઈજા થઈ નથી. પ્રવક્તાએ જણાવ્યું હતું કે નવી દિલ્હી જતી ટ્રેન સવારે ૨:૧૭ વાગ્યે અકસ્માતનો ભોગ બની હતી. નાગાંવ ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર સુહાશ કદમે જણાવ્યું હતું કે આ ઘટના હોજાઈ જિલ્લાના ચાંગજુરાઈ વિસ્તારમાં બની હતી. સુહાશ કદમ અને અન્ય વન વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત જમુનામુખ-કામપુર સેક્શનમાંથી પસાર થતી ટ્રેનોને અપ લાઇન પર વાળવામાં આવી રહી છે, અને રેલ ટ્રાફિક પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ મિઝોરમના સૈરંગને આનંદ વિહાર ટર્મિનલ સાથે જોડે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પાટા પરથી ઉતરી જવા અને હાથીના શરીરના ભાગો પાટા પર વિખેરાઈ જવાને કારણે, ઉપલા આસામ અને ઉત્તરપૂર્વના અન્ય ભાગોમાં ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ છે. અસરગ્રસ્ત કોચના મુસાફરોને અન્ય કોચમાં ખાલી બર્થમાં અસ્થાયી રૂપે સ્થાન આપવામાં આવ્યું હતું. ટ્રેન ગુવાહાટી પહોંચ્યા પછી, બધા મુસાફરોને સમાવવા માટે વધારાના કોચ ઉમેરવામાં આવશે, ત્યારબાદ ટ્રેન તેની આગળની મુસાફરી ફરી શરૂ કરશે. આ ઘટના એવા વિસ્તારમાં બની હતી જે હાથીઓ માટે નિયુક્ત કોરિડોર નથી. પાટા પર હાથીઓના ટોળાને જોયા પછી લોકો પાયલોટે ઇમરજન્સી બ્રેક લગાવી હતી. તેમ છતાં, હાથીઓ ટ્રેન સાથે અથડાઈ ગયા, જેના કારણે ટક્કર અને પાટા પરથી ઉતરી ગયા. આસામના હોજાઈ જિલ્લામાં હાથીઓના ટોળાએ સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ સાથે અથડામણ કરી, જેમાં આઠ હાથીઓ માર્યા ગયા અને એક ઘાયલ થયો.

# રાહુલના વિદેશ પ્રવાસ પર ભાજપના સવાલો

## ભાજપ નેતાએ કહ્યું રાહુલ ગાંધીની જવાબદારી સત્ર દરમિયાન સંસદમાં હાજર રહેવાની હતી પરંતુ તેઓ વિદેશ ચાલ્યા ગયા



નવીદિલ્હી, તા. ૨૦
નેતા ગૌરવ ભાટિયાએ ફરી એકવાર રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસો પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું, ''વિપક્ષી નેતાઓ, જેમની પ્રાથમિક જવાબદારી સત્રો દરમિયાન સંસદમાં હાજર રહેવાની હતી, તેઓ વિદેશ જાય છે.'' તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી વિદેશમાં ભારત વિરોધી લોકોને મળવા જાય છે. ગૌરવે કહ્યું, ''તેઓ જર્મનીની હર્ટી સ્કૂલમાં કોર્નેલિયા વોલને મળે છે. રાહુલ ગાંધી અને જ્યોર્જ સોરોસ બે શરીર જેવા છે, એક આત્મા, અને હવે આનો બીજો પુરાવો સામે આવ્યો છે. તેઓ વિદેશ પ્રવાસ કરે છે અને ભારતના દુશ્મનો, ભારતની ઈર્ષ્યા કરનારા અને આપણી અખંડિતતા પર હુમલો કરનારાઓને મળે છે અને તેમની સાથે વાતચીત કરે છે.''

ગૌરવ ભાટિયાએ પૂછ્યું, ''આ કેવો ભારત વિરોધી એજન્ડા છે, જ્યાં ભારતના વિપક્ષી નેતા આવી શક્તિઓ સાથે મળીને ભારત વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે?'' તેમણે ઉમેર્યું કે રાહુલ ગાંધી અગાઉ અમેરિકામાં જમાત-એ-ઈસ્લામીના મુર્શિકુલ ફઝલ અને સેમ પિત્રોડા સાથે મળ્યા હતા. ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમની સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે કહ્યું કે રાજ્યમાં મમતા બેનર્જીના ઈશારે સાંપ્રદાયિક રાજકારણ રમાઈ રહ્યું છે અને ભગવાન રામના નામે હિન્દુઓની ભાવનાઓને જાણી જોઈને ઠેસ પહોંચાડવામાં આવી રહી છે.

ભાટિયાએ ટીએમસી ધારાસભ્ય મદન મિત્રાના તાજેતરના વિવાદાસ્પદ નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમને આવું નિવેદન આપવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જેનાથી લાખો હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચી હતી. તેમણે મહાકુંભને ''મૃત્યુંજય કુંભ'' કહેવા અને ''જય શ્રી રામ'' ના નારા લગાવવા બદલ મુખ્યમંત્રીની અગાઉની ધમકીઓનો પણ ઉલ્લેખ કર્યો. ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસો પર નિશાન સાધતા આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી સંસદના સત્રો છોડી રહ્યા છે અને જર્મનીમાં કોર્નેલિયા વોલ અને જ્યોર્જ સોરોસ જેવી ''ભારત વિરોધી'' વ્યક્તિઓને મળી રહ્યા છે.

### સરકારી નોકરી મેળવવાની લ્હાયમાં છેતરી લેવાના વધી રહેલા કિસ્સાઓ વચ્ચે ચોંકાવનારી ઘટના

# રાજકોટમાં નર્સિંગની પરિક્ષાના નામે ૩૪ લાખની છેતરપીંડી

## ખાનગી હોસ્પિટલના કર્મચારીને પરિક્ષામાં પાસ કરાવી દેવાની અને આગલા દિવસે જ પેપર-જવાબો પુરા પાડવાની લાલચ આપી છેતરી લેવાયોઃ અન્ય યુવતિ સહિત ચારે પણ નાણા ગુમાવતાં ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૨૦

નોકરીના નામે ઠગાઈની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક વખત રાજકોટમાં નોકરીવાંચ્વછુઓ સાથે લાખોનું ફ્રોડ થયું છે. આ વખતે નર્સિંગ સ્ટાફની પરિક્ષામાં પાસ કરાવી દેવાના નામે ઠગાઇ થઇ છે. નર્સિંગમાં પાસ થઇ નોકરી મેળવવાઇચ્છુક ખાનગી હોસ્પિટલના નર્સિંગ કર્મચારી સહિત પાંચ છેતરાઇ ગયા હતાં. છેતરનારો પણ તેની જ હોસ્પિટલનો સાથી કર્મચારી હતો અને અન્ય એક શખ્સ હતો.

વિગતો જોઇએ તો નર્સિંગ સ્ટાફની પરીક્ષા પાસ કરાવી દેવાનું કહીં ખાનગી હોસ્પિટલના નર્સિંગ કર્મચારી અને એક યુવતિ સહિત પાંચ લોકો સાથે રૂ.૩૪.૨૦ લાખની ઠગાઈ થતાં ચકચાર જાગી છે. આ મામલે હોસ્પિટલના નર્સિંગ ઇન્ચાર્જ સહિતં બે શખ્સો સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં દાખલ થતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. વિશેષ માહિતી અનુસાર દોઢસો ફુટ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે આવેલ પલેક્સસ હોસ્પિટલમાં નોકરી કરતાં સ્ટાફ નર્સને તેના ઇન્ચાર્જ સંદિપ લોખીલે ફસાવ્યાં હતાં, પરીક્ષાના આગલા દિવસે પેપર આવી જશે, અને તેના જવાબ પણ તમને બેઠેબેઠા મળી જશે કહીં પાસ કરાવી દેવાના નામે કુલ પાંચ યુવાન, યુવતિઓ પાસેથી રૂ.૬ લાખથી ૮ લાખ લઇ લીધા હતાં. ત્યારબાદ આ બધાને છેતરાયાની ખબર પડી હતી. આ બનાવ અંગે રાજકોટમાં લક્ષ્મીનગર સોસાયટીમા આવેલ આરએમસી ક્વાર્ટરમાં રહેતાં મુળ કોડીનારના આદપોકાર ગામના વતની દેવશીભાઈ જગમાલભાઈ વંશ નામના પચ્ચીસ વર્ષના યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સંદીપ લોખીલ (રહે. એઇમ્સ હોસ્પિટલ પાસે, જામનગર રોડ) અને સાગર દાફડાનું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે




એફઆઇઆર દાખલ કરી હતી.

ભોગ બનનાર ફરિયાદીએ જણાવ્યું હતું કે તે શીતલ પાર્ક પાસે આવેલ પ્લેક્સસ હોસ્પિટલમાં ર્નસિંગ સ્ટાફ તરીકે નોકરી કરે છે, તેમની સાથે આરોપી લોખીલ સંદીપ પણ નોકરી કરે છે, જે નર્સ સ્ટાફના ઇન્ચાર્જ તરીકે ફરજ બચાવે છે. ગયા વર્ષના ડિસેમ્બર મહિનામાં આરોપીએ તેને ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવનાર સ્ટાફ નર્સની ભરતીમાં પાસ થવું હોય તો તેમની પાસે કોન્ટેક્ટ છે. જેથી યુવાનને સરકારી નોકરી લેવાની ઈચ્છા હોવાથી તેને નોકરીમાં સેટીંગ કરી આપવાં હા પાડી હતી. તે વખતે આરોપી સંદીપે જણાવ્યું હતું કે, સ્ટાફ નર્સની પરીક્ષા તા.૦૯-૦૨-૨૦૨૫ ના લેવાનાર છે, જેમના આગલા દિવસે તમને પેપર મળી જશે, જે પેપર ૨૦૦ માર્કસનું હશે તેમાંથી તમને ૧૦૦ થી ૧૫૦ માર્ક્સના જવાબ આપવામાં આવશે.

આ માટે તમારે રૂ.૬ લાખ આપવાના રહેશે તેવી વાત કરી હતી. જેથી ફરીયાદી અને તેના મિત્રએ આરોપીના વાતમાં આવી બંનેના રૂ.૧૨ લાખ આપ્યાં હતાં. જે બાદ પરીક્ષાની તારીખ આવતાં કોઈ પેપર આવ્યાં ન હતાં અને પરીક્ષા આપ્યા બાદ તેઓનું મેરીટ લિસ્ટમાં નામ પણ આવ્યું ન હતું. જેથી આરોપીનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે મેં રાજકોટના સાગર દાફડા મારફત તમારું સેટિંગ કરાવ્યું હતું. તમારા રૂપિયા તેને આપેલ છે, જેમના તરફથી જવાબ આપશે તે બાદ હું તમને તમારા રૂપિયા પરત આપીશ. પરંતુ આજ સુધી આરોપીઓએ રૂપિયા પરતના આપી છેતરપિંડી આચરી હતી.

ત્યારબાદ વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ફરિયાદી તેમજ બંને મિત્રો સિવાય હરેશ કમાભાઇ ગમારા પાસેથી રૂપિયા ૮.૧૦ લાખ, મેલાભાઈ જગાભાઈ ચાવડા પાસેથી પણ રૂપિયા ૮.૧૦ લાખ તેમજ વર્ષાબેન મનસુખભાઈ રાઠોડ પાસેથી રૂ.૬ લાખ મેળવી કુલ રૂપિયા ૩૪.૨૦ લાખની છેતરપિંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પીઆઇ એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. બી. જાડેજાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ રીતે અગાઉ નોકરીના અને રેલ્વેની પરિક્ષાના નામે ફ્રોડ થઇ ચુક્યા છે. વધુ એક વખત પરિક્ષા પાસ કરાવી દેવાના નામે લાખો ઉસેડી લેવાયા હતાં.

# ૯ PIને DySPનું પ્રમોશન

## બઢતીમાં મદદનીશ સેનાપતિ, SRPF, જૂથ-૧૩, ઘંટેશ્વર, રાજકોટ પી.આઈ. સેદાણીનો પણ સમાવેશ



રાજકોટ, તા.૨૦

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા ૯ હથિયારી પીઆઈને નાયબ પોલીસ અધિક્ષક (હથિયારી) વર્ગ-૧ ના પગાર ધોરણ (Level-૧૦) માં બઢતી આપતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આવા આદેશ અનુસાર, બઢતી પામેલા અધિકારીઓને નવી જગ્યાઓ પર નિમણૂક આપવામાં આવી છે, જ્યારે બે ઉચ્ચ અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

બઢતી મેળવનાર ૯ હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટરો અને નવી નિમણૂક બાબતે મળતી વિગતો મુજબ ગૃહ વિભાગ દ્વારા જાહેર કરાયેલ યાદી મુજબ DySP તરીકે બઢતી આપવામાં આવી છેઃતેમાં નાયબ પોલીસ અધિક્ષક, પ્રોટોકોલ, ગાંધીનગરના સી. એલ. પટેલને (તા. ૨૧/૦૧/૨૦૨૨થી નોશનલ લાભ સાથે), બટાલિયન ક્વાર્ટર માસ્ટર, રાજ્ય અનામત પોલીસ દળ (SRPF), જૂથ-૦૭, નડિયાદ, ખેડાના પી. એમ. લટાઃ (તા. ૦૭/૧૦/૨૦૧૭થી નોશનલ લાભ સાથે), મદદનીશ સેનાપતિ, SRPF, જૂથ-૧૧, વાવ, સુરતના રાકેશભાઇ રમેશભાઈ પટેલ એજ્યુટન્ટ, SRPF, જૂથ-૧૮, કેવડિયા, નર્મદાના મુસ્તાક ભીખુભાઇ મકવાણા, મદદનીશ સેનાપતિ, મેટ્રો સુરક્ષા-૧, અમદાવાદના રાજેન્દ્રકુમાર લાલજીભાઇ ખરાડી, નાયબ પોલીસ અધિક્ષક, પી.ટી.એસ. (PTS), વડોદરાના રતનસિંહ કાનજીભાઇ પરમાર, નાયબ પોલીસ અધિક્ષક, સ્પેશિયલ એક્શન ફોર્સ, SRPF, જૂથ-૧૧, વાવ, સુરતના ધનાભાઇ લાલજીભાઇ બરજોડ, મદદનીશ સેનાપતિ, SRPF, જૂથ-૧૩, ઘંટેશ્વર, રાજકોટ પિતામ્બરદાસ ઈશરામભાઇ સેદાણી તેમજ નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક), પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેરઅનિલકુમાર બાજીરાવ શીંદેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, એન. વી. ચૌહાણ (DySP, કમાન્ડો ટ્રેઈનીંગ સેન્ટર, ખલાલ) ને તા. ૧૫/૧૦/૨૦૧૫ થી નોશનલ લાભ આપવાની મંજૂરી અપાઈ છે.

જ્યારે બે ડીવાયએસપી અધિકારીઓની બદલી પણ કરવામાં આવી છે. જેમાં એચ. વી. દેસાઇઃ એજ્યુટન્ટ, SRPF જૂથ-૧૪ (વલસાડ) થી બદલી કરી બટાલિયન ક્વાર્ટર માસ્ટર, SRPF જૂથ-૧, વડોદરા ખાતે મુકાયા છે. અને એસ. એસ. ભદોરીયાઃ જેઓ નિમણૂકની પ્રતીક્ષામાં હતા, તેમને નાયબ પોલીસ અધિક્ષક, એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ, CID (ક્રાઇમ), ગાંધીનગર ખાતે પ્રતિનિયુક્તિ પર નિમણૂક અપાઈ છે.

ગૃહ વિભાગના ઉપસચિવ અમિત રાવલે આદેશ આપ્યો છે કે તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી છૂટા કરી નવી જગ્યાએ હાજર થવાનું રહેશે. બઢતી પામેલા અધિકારીઓ માટે "Last In First Out" લાસ્ટ ઈન ફસ્ટનો સિદ્ધાંત લાગુ પડશે, એટલે કે ભવિષ્યમાં જગ્યાના અભાવે તેમને પરત હટાવવાની શરતે આ પ્રમોશન અપાયું છે.

### અગાઉના સામાન્ય ઝઘડાનો ખાર રાખી

# કોમન પ્લોટમાં પાર્ક કરેલી કારને આગ લગાડી દેતો ઝઘડાખોર

## કારમાં આગ લગાવી રૂપિયા એક લાખનું નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા ૨૦

જુના મોરબી રોડ ઉપર કોમન પ્લોટમાં પાર્ક કરેલી કારને આગ લગાડી રૂપિયા એક લાખનું નુકસાન કર્યાની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે.

શિવધારા સોસાયટી શેરી નંબર ૧, સ્કૂલની બાજુમાં, મોરબી રોડ રહેતા રમેશભાઈ ઠાકરશીભાઈ રામાણી નામના પ્રોઢે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે ઉપરોક્ત સરનામે તેમના પરિવાર સાથે રહે છે અને ખેતી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની પાસે તેમની માલિકીની બે કાર છે. જેમાં એક સ્કોડા અને બીજી મારુતિ સુઝુકી કંપનીની અલ્ટો



કાર છે. ૧૮મી ડિસેમ્બરના સાંજના છ વાગ્યાની આસપાસ પોતે પોતાની જીજે ૦૫ સીપી ૪૨૮ નંબરની અલ્ટો કાર કે જે છેલ્લા ૧૪ વર્ષથી ઉપયોગ કરે છે. તે કારને શિવધારા સોસાયટીના કોમન પ્લોટમાં પાર્ક કરી તેમના ઘરે ગયા હતા.

દરમ્યાન તા.૨૯ની રાત્રિના સાડા ત્રણ વાગ્યાની આસપાસ શેરીમાં લોકોનો અવાજ સાંભળવા મળતા અને ઘરની બહાર નીકળી જોતા પોતાની ઉપરોક્ત નંબરની અલટોકાર સળગી રહી હતી. આવા સમયે તેમના પરિવાર સભ્યો ઉપરાંત આજુબાજુના લોકોએ પાણી છાંટીને કારમાં લાગેલી આગ બુજાવી દેવાય હતી. બીજી બાજુ આગ કેવી રીતે લાગી ? તે અંગે આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવતા તેમની સૌસાયટીમાં રહેતા જયકિશન પડ્યા નામનો શખ્સ પોતાની કારમાં આગ લગાડીને ચાલતો જતો હોવાનું જોવા મળ્યું હતું

ફરિયાદમાં રમેશભાઈ રામાણીએ વધુમાં જણાવ્યું છે કે પોતાની કારમાં આગ લગાડનાર જયકિશન પડિયા કજીયાખોર સ્વભાવનો છે. તેમજ સોસાયટીમાં હાલતા ચાલતા ગમે તેની સાથે ઝઘડો કરવાની ટેવ વાળો છે. ભૂતકાળમાં પોતાની સોસાયટીમાં કારણ વગર પાણી ઢોળતો હોવાની બાબતે તેઓએ તેમને સમજાવી મીઠો ઠપકો આપ્યો હતો. તે વાતનો ખાર રાખીને જયકિશને કારમાં આગ લગાડી રૂપિયા એક લાખનું નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા હેડ કોસ્ટેબલ વાય.એ. મકવાણા સહિતના સ્ટાફે કારમાં આગ લગાડનાર જયકિશનને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ચોરાયેલા ૩૫ મોબાઈલ મૂળ માલિકોને પરત અપાયા

## DCB પોલીસે ૬.૬૪ લાખના મોબાઈલ પરત કરાવતા મોબાઈલધારકો ખુશ

રાજકોટ, તા.૨૦

ચોરાયેલા કે બેદરકારીથી ગૂમ થયેલા ૬.૬૪ લાખના ૩૫ મોબાઈલ ડીસીબી પોલીસે પરત અપાવતા મોબાઈલધારકોમાં ખુશી છવાઈ છે.

શહેરમાંથી ચોરી-ગુમ થયેલા મોબાઈલ શોધી કાઢી મુળ માલીકોને પરત અપાવવા સુચના અપાઈ હતી. તે અનુસંધાને રાજકોટ શહેરના ડી.સી.બી.પોલીસ સ્ટેશનના મદદનીશ પોલીસ કમિશ્નર બી.બી.બસીયાસા.ની અધ્યક્ષતામાં પીઆઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તપાસ કરી ટીમ દ્વારા ટેકનીકલ સોર્સના આધારે પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનને ટ્રેસિંગમાં મુકી મોબાઈલ ફોન ટ્રેસ કરી શોધી કાઢીને મૂળ અરજદારોને પરત અપાવ્યા છે.

અરજદારોએ ગુમાવેલા મોબાઇલ ફોન ડી.સી.બી.પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજીને ડિસેમ્બર દરમ્યાન રિકવર કરવામા આવેલા, ૬.૬૪ લાખના ૩૫ મોબાઇલ રીકવર કરી, મોબાઇલ ફોન ડો.સી.બી.પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. આર.ગોંડલીયાના હસ્તે મુળ માલીકોને પરત અપાવીને પોલીસે સરાહનિય કામગીરી કરી છે.




# આત્મનિર્ભરતાની નવી પાંખોઃ મહિલાઓ બની લખપતિ-ડ્રોન દીદી

## નારીને યોગ્ય તક, તાલીમ અને ટેકનોલોજીનું પીઠબળ મળે ત્યારે, ઘરના ઉંબરા વટાવી આખું આકાશ જીતવાનું સામર્થ્ય ધરાવતી મહિલાઓ

રાજકોટ, તા.૨૦

સુશાસન અને 'મિશન મંગલમ' જેવા ગુજરાત સરકારના અભિયાનોએ ગ્રામીણ સ્તરે નવો સામાજિક અને આર્થિક ઇતિહાસ આલેખ્યો છે. આજે મહિલા સશક્તીકરણ માત્ર કાગળ પરનો દસ્તાવેજ નથી, પરંતુ ખેતરના શેઢે ઉડતા ડ્રોન અને બજારની દુકાનોની જીવંત વાસ્તવિકતા છે. 'નમો ડ્રોન દીદી' થી લઈને 'લખપતિ દીદી' સુધીની આ સફર એ વાતની સાબિતી છે કે, જ્યારે નારીને યોગ્ય તક, તાલીમ અને ટેકનોલોજીનું પીઠબળ મળે ત્યારે, તે ઘરના ઉંબરા વટાવી આખું આકાશ જીતવાનું સામર્થ્ય ધરાવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અમલી અનેક મહિલાલક્ષી યોજનાઓના ફળસ્વરૂપે પંચમહાલથી લઈને બનાસકાંઠા સુધીની મહિલાઓ આજે સફળતાના શિખરો સર કરી રહી છે. આ જ સુશાસનનો સાચો વિજય છે, જેણે દરેક મહિલાને સશક્ત, સક્ષમ અને સાચા અર્થમાં સમૃદ્ધ બનાવીને રાષ્ટ્ર વિકાસનું અભિન્ન અંગ બનાવી છે.

સરકારના પ્રોત્સાહક પ્રયાસો અને મિશન મંગલમ જેવી યોજનાઓ દ્વારા ગ્રામીણ મહિલાઓના જીવનમાં આવેલા આમૂલ પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ પંચમહાલ જિલ્લાના કલ્પનાબેન રાઠોડ છે. કલ્પનાબેન વર્ષ ૨૦૧૮માં મિશન મંગલમ અંતર્ગત ' ગણેશ મહિલા મંડળ' સાથે જોડાયા અને ત્યાંથી શરૂ થઈ તેમની સ્વાદભરી સફળતાની સફર. ઘરેલું નાસ્તો તૈયાર કરીને કલ્પનાબહેન 'હર ઘર સ્વદેશી' અભિયાનને પણ સાર્થક કરી રહ્યાં છે.

તેમણે પોતાની આર્થિક મુશ્કેલીઓ દૂર કરવાની દિશામાં ડગ માંડ્યા. સરકાર દ્વારા સંચાલિત છજીઊઝઈ સંસ્થામાંથી ફાસ્ટ ફૂડની તાલીમ મેળવીને તેમણે કૌશલ્યની સાથે આત્મનિર્ભર બનવાનો આત્મવિશ્વાસ પ્રાપ્ત કર્યો. મહિલા સશક્તીકરણને વેગ આપવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી આર્થિક સહાય જેવી કે રિવોલ્વિંગ ફંડ, કમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ અને બેંક દ્વારા મળતી કેશ ક્રેડિટ લોન કલ્પનાબેન જેવા અનેક સાહસિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

આ સુવિધાની મદદથી તેમણે કેન્ટીન, કેટરિંગ અને થેપલાં બનાવવાનો વ્યવસાય વિકસાવ્યો, જેના થકી તેઓ વાર્ષિક રૂ. ૧૨.૫૬ લાખની આવક મેળવી રહ્યા છે. રાજ્ય સરકારે 'સરસ મેળા' જેવા રાજ્યસ્તરના પ્લેટફોર્મ પૂરા પાડીને મહિલાઓના હુન્નરને સ્થાનિક બજારો સુધી પહોચાડ્યું છે.



આજે કલ્પનાબેન માત્ર એક સફળ ઉદ્યોગસાહસિક જ નહીં, પરંતુ 'લખપતિ દીદી' તરીકે સમાજમાં નવી ઓળખ ધરાવે છે. તેઓ સ્વસહાય જૂથના પ્રમુખ અને ગ્રામ સંગઠનના સચિવ તરીકે નેતૃત્વ સંભાળીને અન્ય મહિલાઓને પણ આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી રહ્યા છે. આમ, સરકારી યોજનાઓના યોગ્ય અમલીકરણ અને સહકારથી ગ્રામીણ સ્તરે મહિલાઓ આર્થિક અને સામાજિક રીતે વધુ સશક્ત બની રહી છે. જેના હાથમાં ડ્રોનનું રિમોટ અને હૈયામાં આત્મનિર્ભરતાનો સંકલ્પ છે, તેવી આજની આધુનિક નારી હવે માત્ર ઘર નથી ચલાવતી, પણ રાષ્ટ્ર વિકાસમાં પણ પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે. સૌ પ્રથમ આપણે વાત કરીશું બનાસકાંઠાની એ દીકરીની જે આકાશમાં ડ્રોન ઉડાડવાની સાથે તેના સપનાઓને પણ પાંખો આપી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રાણપુર ગામના તેજલબેન ઠાકોરની સફર આજે ગુજરાતની લાખો મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે. બી.એ. સુધીનો અભ્યાસ કરી પશુપાલન અને ખેતી સાથે જોડાયેલા તેજલબેન 'મિશન મંગલમ' યોજના હેઠળ સદારામ સખી મંડળમાં જોડાયા, જ્યાં તેમને આધુનિક કૃષિ ટેકનોલોજી એટલે કે ડ્રોન વિશે માહિતી મળી. રાજ્ય સરકાર અને ઇફકો (ઈંૠૠઈંઘ) ના સહયોગથી પુણે ખાતે ૧૫ દિવસની તાલીમ મેળવી, તેમણે ઉૠઈઅના નિયમો મુજબની પરીક્ષા પાસ કરી સત્તાવાર 'ડ્રોન પાયલોટ'નું લાયસન્સ મેળવ્યું. આજે તેઓ આધુનિક ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી ખેતીમાં નવીન પરિવર્તન લાવી રહ્યા છે.

પરંપરાગત ખેતીને આધુનિકતા સાથે જોડી તેજલબહેને ડીસા તાલુકાના વિવિધ ગામોમાં એરંડા, વરિયાળી અને ઘઉં જેવા પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓનો છંટકાવ કરી અત્યાર સુધીમાં રૂ. ૮૦,૦૦૦થી વધુની આવક મેળવી છે. ''ડ્રોન દીદી'' તરીકે નવી ઓળખ પામેલા તેજલબેન જણાવે છે કે, સરકારના પ્રોત્સાહન અને તાલીમથી જે ટેકનોલોજી વિશે ગામમાં કોઈને ખબર નહોતી, આજે તે જ ટેકનોલોજી તેમની આર્થિક સમૃદ્ધિનું માધ્યમ બની છે. આમ, રાજ્ય સરકારના સુશાસન અને મહિલા ઉત્કર્ષના પ્રયાસોથી ગ્રામીણ મહિલાઓ માત્ર ઘરના ઉંબરા સુધી મર્યાદિત ન રહેતા આત્મનિર્ભર બની પોતાના અને પરીવારને આર્થિક રીતે મદદરૂપ થઈ રહી છે. ગુજરાત સરકારના સુશાસન અને મહિલા સશક્તીકરણના અભિગમ હેઠળ ગ્રામીણ મહિલાઓના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. આજે ગામડાની મહિલા જ્યારે ખેતરના આકાશમાં ડ્રોન ઉડાડે છે અથવા પોતાના નાના ઉદ્યોગ થકી વર્ષે લાખોની કમાણી કરે છે, ત્યારે સાચા અર્થમાં મહિલા સશક્તીકરણનો સાક્ષાત્કાર થાય છે.

આમ, રાજ્ય સરકારના મક્કમ નિર્ધાર અને ગ્રામીણ મહિલાઓના અટલ મનોબળને કારણે આજે ગુજરાતની નારીશક્તિ આર્થિક રીતે સદ્ધર બની રહી છે. મિશન મંગલમ અને ડ્રોન દીદી જેવા રાજ્ય સરકારના પ્રયાસો દ્વારા તેમને માત્ર આવક જ નહીં પરંતુ સમાજમાં એક નવી ઓળખ અને ગૌરવ થકી સાચા અર્થમાં સુશાસનની અનુભૂતિ થઈ રહી છે.

### લગ્ન કરવા ઇચ્છુકો વારંવાર બની જાય છે ઠગાઇનો શિકારઃ વધુ એક યુવાન બન્યો ભોગ

# 'સાત દિન કી ચાંદની': લગ્નના બાદ કન્યા છનનન્

## નાણા ચુકવી યુવાને ચાંદની સાથે લગ્ન કર્યા, પણ સાતમા દિવસે જ તે સવા આઠ લાખની મત્તા ઉસેડી નાશી ગઇઃ ટોળકીને શોધી રહી છે પોલીસ

રાજકોટ, તા. ૨૦

રાજ્યમાં અવાર-નવાર લગ્ન કરવા ઇચ્છુક યુવાનો પોતાના સમાજ-જ્ઞાતિમાં લગ્ન ન થઇ શકે તો કહેવાતા એજન્ટો મારફત અન્ય પ્રાંત કે ગામની કન્યાના વાલીને અને એજન્ટને, વચેટીયાને નાણા ચુકવી લગ્ન કરતાં હોય છે. અનેક આવા લગ્નો સફળ પણ થયા છે. પરંતુ મોટા ભાગના કિસ્સામાં લૂંટેરી દૂલ્હની ધાબડી દેવાતી હોય છે. જે લગ્નના એકાદ બે દિવસ કે એકાદ મહિનામાં કે પખવાડીયામાં જ બહાના કરીને કે પછીને સુતો મુકી ઘરમાંથી જે મળે તે રોકડ દાગીના ઉસેડી ભાગી જાય છે. આવી વધુ એક ઘટના બની છે. જેમાં એક યુવાને ચાંદની નામની યુવતિ સાથે આ રીતે નાણા ચુકવી લગ્ન કર્યા હતાં. પરંતુ ચાર દિન કી ચાંદની જેવું થયું હતું, જો કે અહિ સાત દિન કી ચાંદની લગ્નના સાત દિવસમાં ગાયબ થઇ ગઇ હતી. સાથે સવા આઠ લાખની માલમત્તા પણ લઇ ગઇ હતી!

વિગતો જોઇએ તો આ વખતે પાટનગર ગાંધીનગરનો યુવાન ભોગ બન્યો છે. ઉત્તર ગુજરાતના યુવાનો સાથે લગ્ન કરીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર લૂંટેરી દુલ્હન ચાંદનીએ દહેગામમાં પણ એક યુવાનને શિકાર બનાવ્યો હોવાનું બહાર આવ્યું છે. જે સંદર્ભે હાલ પોલીસે ૮.૩૫ લાખની છેતરપિંડીનો ગુનો દાખલ કરીને આ ટોળકીને ટ્રાન્સફર વોરંટથી મેળવવા માટે મથામણ કરી છે. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો -માણે દહેગામ શહેરના અમીનવાડા વિસ્તારમાં રહેતા લગ્નવાચ્છું યુવકે લગ્ન માટે ઓનલાઇન બાયોડેટા મૂક્યો હતો. જેના આધારે જ્યોતિ ઉર્ફે જાગૃતિ અને રાજેશભાઈ જીવરામભાઈ તન્ના નામના મધ્યસ્થીઓએ તેમનો સંપર્ક કરી ચાંદની નામની યુવતી સાથે યુવકની મુલાકાત કરાવી હતી અને છોકરીવાળા લગ્ન કરવા ત્રણ લાખ રૂપિયા માંગે છે તેમ જણાવતા તે વાતને યુવકના પરિવારે સ્વીકારી તાજેતરમાં અમદાવાદના નવા વાડજ ખાતે લગ્ન કર્યા હતા.

લગ્ન સમયે નક્કી કર્યા મુજબ યુવકના પિતાએ ત્રણ લાખ રૂપિયા કન્યા પક્ષને રોકડા ચૂકવ્યા હતા. લગ્નના માત્ર સાત દિવસ બાદ નવવધૂ ચાંદનીએ તેના પિતા બીમાર હોવાનું નાટક શરૂ કર્યું હતું અને પિયર જવાની વાત કરતા યુવક અને તેના પરિવારજનોએ મોકલી આપી હતી ત્યારબાદ પિતાની સારવારના બહાને તેણે યુવક પાસેથી વધારાના રૂપિયા ૧,૩૫ લાખ લીધા હતા. તે પિયર જવા નીકળી ત્યારે લગ્ન વખતે સાસરી પક્ષ તરફથી ચઢાવવામાં આવેલા ૪ તોલા સોનાના દાગીના પહેરીને નીકળી હતી.પિયર ગયાના બે દિવસમાં ચાંદનીનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો.



**ઠગાઇની બીજી ઘટનામાં પચાસ લાખની લોન કરાવી દેવાના નામે ચૌદ લાખ ખાઇ જવાયા**

આ પછી તેણે યુવકને ફોન કરી જણાવ્યું હતું કે મારા પિતાજીનું અવસાન થયું છે ત્યારબાદ ફરીથી તેણે ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો ચાંદનીનો ફોન સ્વીચ ઓફ આવતા યુવક અને તેના પરિવારજનોને શંકા ગઈ હતી. દરમિયાન આ લૂંટેરી દુલ્હન ચાંદનીને બેચરાજી પોલીસે પકડી લીધાને જાણ થતા દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચાંદની અને તેની સાથે ટોળકીમાં સામેલ તમામને શોધી રહી છે.

ઠગાઈની બીજી ઘટનામાં લોનના નામે ફ્રોડ થયું છે. દાહોદના વેપારીને ૫૦ લાખની લોન અપાવવાનું કહી ૧૪ લાખ પડાવી લેનાર માતા, પુત્ર સહિત ત્રણ આરોપીઓ સામે જે.પી. રોડ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર ગામે રહેતા વાસણ તથા ફર્નિચરના વેપારી મેહુલકુમાર વસંતભાઇ પંચાલે જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, અમારે ધંધા માટે લોનની જરૂરિયાત હોઇ વડોદરા અક્ષર ચોક પાસે સિગ્નટ હબ કોમ્પલેક્સમાં આવેલી સહયોગ ફાઇનાન્સની ઓફિસમાં મળવા ગયા હતા. ત્યાં ઓફિસમાં હાજર મહિલાએ પોતાની ઓળખાણ નયનાબેન મહીડા તથા ત્યાં હાજર એક ભાઇની ઓળખાણ પોતાના દીકરા તરીકે આપી હતી.

આ પછી તેઓએ કહ્યું હતું કે, અમે આજ સુધી ઘણઆ લોકોને ધંધા માટે કરોડો રૂપિયાની લોન કરાવી આપી છે. માર્કેટમાં ફરતા અન્ય એજન્ટો જેટલું કમિશન પણ અમે લેતા નથી. બંનેએ ૧૫ થી ૨૦ દિવસમાં લોન કરાવી આપવાનો ભરોસો આપ્યો હતો. મેં તેઓને ફી પેટે ૪,૫૦૦ તથા કમિશન પેટે રોકડા દોઢ લાખ આપ્યા હતા. ત્યારબાદ તેઓએ કામ ઝડપથી કરવા માટે વિજયભાઇ સાવલીયાનો સંપર્ક કરાવ્યો હતો. મેં લોન મંજૂર કરાવવા માટે તમામને કુલ ૧૪.૦૩ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. અમે વિજય સાવલીયાના ઘરે પરિવાર ચાર રસ્તા નજીક લોન બાબતે વાતચીત કરવા ગયા ત્યારે તેઓએ કહ્યું હતું કે, તમારી લોન પણ નહીં થાય અને રૂપિયા પણ પરત મળશે નહીં. આથી તેણે પોલીસને જાણ કરી હતી.

# સિવિલમાં ૧૭ કરોડના ખર્ચે ૧૩ હજાર દર્દીની સારવાર

### એક વર્ષ દરમિયાન આયુષ્યમાન કાર્ડ હેઠળની કામગીરી : દેશના ૪૨ કરોડથી વધુ લોકોને આયુષ્યમાન કાર્ડનો મળ્યો લાભ : ગુજરાતમાં ૫૭ લાખ લાભાર્થી દર્દીઓએ ખર્ચાળ સારવાર મફતમાં મેળવી






રાજકોટ, તા. ૨૦

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની ૧૦૦ મી જન્મજયંતી નિમિત્તે ૨૫ ડિસેમ્બર,૨૦૨૫ના રોજ 'સુશાસન દિવસઃ અટલ નેતૃત્વ, અવિરત વિકાસ'ની થીમ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. સુશાસનની આ પરંપરાને આગળ ધપાવતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે. જેના થકી ખેડૂત, વેપારી, યુવા, મહિલા, બાળક સહિત તમામ વર્ગના સશક્તિકરણ સાથે લોકોની સુખાકારીમાં અનેકગણો વધારો થયો છે.

આરોગ્ય ક્ષેત્રે જરૂરિયાતમંદ દર્દીઓને તાત્કાલિક યોગ્ય સારવાર મળી રહે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દુરંદેશીથી વિશ્વની સૌથી મોટી આરોગ્યલક્ષી કલ્યાણકારી 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' અમલી બનાવી છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાંથી રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવતા દર્દીઓ પૈકી વર્ષ-૨૦૨૫ દરમ્યાન ૧૩,૯૯૧ દર્દીની સારવાર માટે કલેઇમ કરવામાં આવ્યા છે. જેની કુલ કિંમત રૂ.૧૭ કરોડ ૩૦ લાખથી વધુ થઇ હોવાનું આર.એમ.ઓ. ડો. દુસરાએ જણાવ્યું છે. આ દર્દીઓ પૈકી ૧૧,૭૨૮ દર્દીઓ માત્ર ડાયાલિસીસના છે. જેની સારવારની કિંમત રૂ.૫૯ કરોડથી વધુની છે.

રાજકોટ જીલ્લા હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ૨,૪૪,૦૯૨ દર્દીઓએ આયુષ્માન કાર્ડો લાભ લીધો છે. જેઓને રૂ.૪૦,૮૬,૬૨,૪૯૨૩ની સારવાર પૂરી પાડવામાં આવી છે. રાજકોટની પદ્મકુંવરબા ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં પ્રસુતિ અને ડાયાલીસીસના સૌથી વધુ દર્દીઓએ પી.એમ.જે.એ.વાય. કાર્ડનો લાભ મેળવ્યો છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ ૬૮૫૫ કલેઇમ કરવામાં આવેલા, જેમાં દર્દીઓને રૂ.૬ કરોડ ૮૮ લાખના મૂલ્યની સારવાર જયારે વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ ૪૬૫૩ કલેઇમમાં રૂ.૪ કરોડ ૨૮ લાખ સુધીની સારવાર દર્દીઓને પુરી પાડવામાં આવી હોવાનું પદ્મકુંવરબા હોસ્પિટલના આર.એમ.ઓ.એ જણાવ્યું છે. ગુજરાતમાં આજદિન સુધીમાં ૫૭ લાખથી વધુ દર્દીઓને નિઃશુલ્ક સારવારનો લાભ મળી ચુક્યો છે. જેનો શ્રેય સરકારની કલ્યાણકારી નીતિને આપતાં દર્દીઓ સરકાર પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે.

### શાળા સામે પગલા ના લેવાય તો કોંગ્રેસના વિદ્યાર્થી આગેવાનોની આંદોલનની ચીમકી

# સાસણ પ્રવાસ દરમિયાન ડૂબી ગયેલા વિદ્યાર્થીના પરિવારને ૫૦ લાખની સહાયની માંગ

રાજકોટ, તા.૨૦

રાજકોટની નવયુગ સ્કૂલ દ્વારા સોમનાથ સાસણ સ્કૂલ પ્રવાસ દરમિયાન સાસણના એક રિસોર્ટ ખાતે બાળકો લઈ જતા સ્વીમિંગમા ધો.૮ ના એક ૧૩ વર્ષીય વિદ્યાર્થીના ડૂબી જવાથી થયેલા મૃત્યુના મામલે હવે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂત સહિતના આગેવાનોએ જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરીને સ્કૂલ સામે ઉદાહરણરૂપ કાર્યવાહી કરવા માંગ કરી છે.તેઓએ રજૂઆતમા જણાવ્યુ કે નવયુગ સ્કૂલ દ્વારા રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવાસ માટે બનાવવામાં આવેલી સ્પષ્ટ માર્ગદર્શિકાનો ખુલ્લેઆમ ભંગ



કરીને સ્થાનિક પોલીસના કર્મીઓને સાથે ના રાખીને ,આરટીઓ પાસે વાહન ચેક કરાવ્યા વિના જ શાળાના બાળકોને સ્કૂલ પ્રવાસે લઈ જઈને ગંભીર બેદરકારી દાખવતા ૧૩ વર્ષીય વિદ્યાર્થીનુ સ્વિમિંગ પુલમા ડૂબી જવાથી દુઃખદ મૃત્યુ થવાનો બનાવ સામે આવ્યો છે.

શાળાનો પ્રવાસ આનંદ પ્રમોદ માટે હોય છે ત્યારે બાળકો સાથે રહેલા શિક્ષકો બેદરકારી દાખવે ત્યારે આવા અકસ્માતો સર્જાતા હોવાનો આક્ષેપ થયો .આ સમગ્ર ઘટના સ્પષ્ટ રીતે શાળા સંચાલન, પ્રવાસ આયોજન અને સલામતી વ્યવસ્થામાં બેદરકારી સામે આવે છે તેવા ગંભીર આક્ષેપો કરાયા છે.

કોંગ્રેસના પ્રવક્તાએ માંગ કરી કે જો આવા મામલામાં કડક કાર્યવાહી નહીં થાય તો અન્ય બાળકોના જીવ પણ જોખમમાં મૂકાઈ શકે છે. તેઓએ રજૂઆતમા વિશેષ માંગ કરી કે આ ગંભીર ઘટનામાં નિષ્પક્ષ અને સમયબદ્ધ તપાસ હાથ ધરવામાં આવે અને રાજ્ય સરકારના નિયમોને ધ્યાને લઈને પોલીસ વિભાગને ભલામણ કરી FIR નોંધવાની કાર્યવાહી તાકીદે કરવામા આવે તે જરૂરી છે.

શાળા સંચાલક અને પ્રવાસ જવાબદારોની બેદરકારીને કારણે બાળકનું મૃત્યુ થયું હોવાથી આઈપીસી કલમ ૧૦૬ મુજબ ગુનો નોંધવામા આવે.નવયુગ સ્કૂલ સામે તાત્કાલિક તપાસ હાથ ધરીને માન્યતા રદ કરવામા આવે. શાળાની બેદરકારીથી ભોગ બનનાર બાળકના પરિવારને રૂ.૫૦ લાખની આર્થિક સહાય આપવામા આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારીને ચિમકી ઉચ્ચારતા કહ્યું હતું કે આ બાબતે કડક કાર્યવાહી કરવામા નહી આવે તો આગામી દિવસોમા ગાંધી ચીં ધ્યા માર્ગે ભોગ બનનાર બાળકના પરિવારને સાથે રાખીને આંદોલન કરવામા આવશે તેવી વિદ્યાર્થી આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે.

# પ્યાસીઓને પકડવા ટેસ્ટીંગ કીટ સાથે પોલીસ મેદાને

### બગીચા સહિતના શંકાસ્પદ સ્થળો પર જુદી જુદી ટીમો દ્વારા કરાશે તપાસ : ચેકીંગ ઝુંબેશ સતત ૩૧ ડિસેમ્બર સુધી ચાલુ રાખવા જાહેર કરાયુ

રાજકોટ, તા.૨૦

પશ્ચિમી સંસ્કૃતિમાં સૌરાષ્ટ્ર-ગુજરાતનું આંધળું બનેલું યુવાધન થર્ટી ફર્સ્ટ ઉજવણી માટે પાગલ બની ગયાનું કહેવાય છે. આવા બાપ કમીના બાબુડિયાને નશીલી દિશા આપવા શહેરના બુટલેગરો પણ મેદાનમાં આવી ગયા છે. પરપ્રાંતમાંથી ટ્રક મોઢે વિદેશી દારૂ મંગાવી રહ્યા છે. શહેરમાં ઘૂસે તો પીવાયને ? તેવું પોલીસે હવે વિચારવું પડે તેમ હોવાનો જાગૃત લોકોનો ઈશારો છે. જો કે ડમડમ થનાર લોકોને પકડી પાડવા સ્થાનિક પોલીસે હવે નવી તરકીબો અપનાવી છે. આ બાબતે વિગતો મળી રહી છે કે, એસઓજી સહિતની પોલીસ દ્વારા ડ્રગ્સના બંધાણીઓ અને સોદાગરોની તપાસ આરંભી દેવાઈ છે. એસઓજીએ ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે મેદાનમાં ઉતરી રીતસરની ચેકીંગ ઝુંબેશ શરૂ કરી દેતા નશાખોર તત્વો રોડ રસ્તા બદલવા લાગ્યા છે.

પોલીસનું કહેવું છે કે, માદક પદાર્થનું સેવન કરતા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઇમ ભરત બસિયા દ્વારા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજીની ટીમ યુવાધનને નશાના દરિયામાં ધકેલતા ડ્રગ્સના સોદાગરોનું એસઓજી દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર અગાઉ માદક પદાર્થ સાથે ઝડપાઈ ચૂકેલા પેડલરોની તપાસ કરવા એસઓજીની ત્રણ ટીમોને કામે લગાડવામાં આવી છે. જે ટીમો તમામ પેડલર અને કેરિયરોની તપાસ કરી રહી છે. ઉપરાંત એસઓજીની ટીમે આજથી ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે ચેકીંગ શરૂ કર્યું છે. શહેરમાં બાગ-બગીચા સહિતના હોટ સ્પોટ ખાતે એસઓજીની ટીમે ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે દોડી જઈ શકમંદોની તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, જેવી રીતે બ્રેથ એનેલાઇઝર મશીનમાં ફૂંક મારતાની સાથે જ કેફી પદાર્થનું સેવન કર્યું છે કે કેમ તેની ખરાઈ થઇ જતી હોય છે તેવી જ રીતે ડ્રગ્સ ટેસ્ટિંગ કીટમાં ફૂંક મારતા જ નશો કર્યો છે કે કેમ તે અંગે પોલીસને જાણ થઇ જતી હોય છે. ત્યારે ફરીવાર એસઓજી દ્વારા ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હોવાનું સાંભળવા મળ્યું છે. આવું ચેકીંગ ઝુંબેશ સતત ૩૧ ડિસેમ્બર સુધી ચાલુ રાખવામાં આવનાર હોવાનું જાહેર કરાયુ છે.

### આજના યુગમાં મોબાઇલ ખુબ જ અનીવાર્ય અને ઉપયોગી પરંતુ તેનું વળગણ જોખમી

# મોબાઈલની બબાલમાં ૧૨ વર્ષના છાત્રનો આપઘાત

### ચંદ્રેશનગરમાં રહેતો ધોરણ-૭નો વિદ્યાર્થી સ્કૂલેથી આવી મોબાઇલ લઇ બેસી જતાં પિતાએ ઠપકો દીધો અને પાસવર્ડ બદલી નાંખ્યોઃ મમ્મીએ પણ પાસવર્ડ ન આપતાં માઠુ લાગતાં લટકીને મોત મેળવી લીધું

રાજકોટ, તા. ૨૦

મોબાઇલ ફોન આજના સમયમાં ખુબ જ અનીવાર્ય અને ઉપયોગી છે. અનેક કામો મોબાઇલ ફોનને કારણે મીનીટોમાં આંગળીના ટેરવે થઇ જાય છે. પરંતુ મોબાઇલ ફોનનું વળગત જો બાળકોને લાગી જાય તો તેનું માઠુ પરિણામ આવતું હોય છે. અનેક બાળકો તરૂણો સગીરો અને યુવાનો મોબાઇલ ફોનના એડીક્ટ થઇ જતાં હોય છે અને તેના કારણે ઘણીવાર એવુ પગલુ ભરતાં હોય છે જે સૌને હચમચાવી મુકે છે. રાજકોટના ચંદ્રેશનગરમાં આવી જ એક ઘટના બની છે. જેમાં ધોરણ-૭માં અભ્યાસ કરતાં બાર વર્ષના વિદ્યાર્થીને તે સ્કૂલેથી આવી મોબાઇલ ફોન લઇ બેસી ગયો હોઇ પિતાએ ફોન લઇ લીધો હતો અને બાદમાં પાસવર્ડ બદલી નાંખ્યોહતો. બાળકે પિતા ગયા બાદ માતા પાસે પાસવર્ડ માંગતા તેણીએ ન દેતાં આ વિદ્યાર્થીને માઠુ લાગી ગયું હતું અને રૂમમાં જઇ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી.

હૈયા હચમચાવતી અને વાલીઓ, છાત્રો માટે લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો શહેરના ચંદ્રેશનગરમાં રહેતાં યુપીના પરિવારના બાર વર્ષના પુત્રએ મોબાઇલને કારણે આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ચંદ્રેશનગર મેઇન રોડ પર યુનિવર્સલ સ્કૂલ પાસે રહેતાં રાકેશભાઇ પાંડે અને ગીરીજાબેન પાંડેના પુત્ર સૌરભ પાંડે કે જે બાર વર્ષનો હતો તેણે સાંજે ઘરમાં છતના એંગલમાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ પહોંચી હતી.

જો કે તેના ઇએમટી ડોક્ટરે તપાસ કરતાં સૌરભ મૃત્યુ પામ્યાનું જણાતાં તેણે સૌરભને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો



હતો. માલવીયાનગર પોલીસને જાણ થતાં ઇન્વે હેડકોન્સ. સારંગભાઇ ચંદુભાઇ ઓગાણીયાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર સૌરભ બે ભાઇમાં મોટો હતો અને ધોરણ-૭માં ભણતો હતો. તેના નાના ભાઇનું નામ રૂદ્ર છે અને તે પાંચ વર્ષનો છે. સૌરભના પિતા રાકેશભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે.

વધુ માહિતી મુજબ બપોરે સૌરભ શાળાએથી છુટીને ઘરે આવ્યો હતો અને તરત જ મોબાઇલ ફોન લઇને બેસી ગયો હતો. જેથી પિતાએ ફોન લઇ લીધો હતો અને ઠપકો પણ આપ્યો હતો. બાદમાં તેણે આ ફોનનો પાસવર્ડ પણ બદલી નાંખ્યો હતો. બપોર બાદ પિતા રિક્ષા લઇને નીકળી ગયા હતાં ત્યારે ફરીથી સૌરભે મોબાઇલ લીધો હતો. પણ પાસવર્ડ બદલી ગયો હોઇ માતા પાસે પાસવર્ડ માંગતા તેણીએ પોતે ભુલી ગઇ છે તેમ કહેતાં તેને માઠુ લાગ્યું હતું અને રૂમમાં જઇ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

આ બનાવથી પરિવારમાં અને વિસ્તારમાં પણ અરેરાટી વ્યાપી ગઇ હતી. મોબાઇલ ફોનના વળગણને કારણે અનેક બાળકો, સગીરો પોતાના ભણતર સહિતની અન્ય પ્રવૃતિઓમાં ધ્યાન આપવાને બદલે મોબાઇલમાં રીલ્માં અને ગેમમાં વધુ ધ્યાન આપવા માંડતા હોય છે અને આ કારણે ઘણીવાર તેઓ તેમાં મંડ્યા રહેતાં હોય છે. પરિવારજનો તેને ફોન મુકી દેવાનું કહે તો પણ તેનાથી પોતાને અલગ કરી શકતાં નથી. ઠપકો મળતાં ઘણીવાર તેઓ આ પ્રકારના પગલા પણ ભરી લેતાં હોય છે. આ ઘટના તેની પ્રતીતિ કરાવી રહી છે.

લોકો ક્યારે કયા કારણે બાખડી પડે તે નક્કી નથી : પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેમ ધોકા-ધારિયા-લાકડી સાથે છડેચોક બબાલ

# રાજકોટમાં એક જ રાત્રિના ૮ જગ્યાએ બોલી બઘડાટી

## ઘાયલ થયેલા તમામને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાઃ કોઈને મજાક મામલે, કોઈને ગાળો પ્રશ્ને, કોઈને દારૂ મામલે પડ્યો મારઃ કોઈને વળી પત્નિએ ધોકાવ્યોઃ કોઈને ગેરસમજને લીધે છરી ઝીંકાઈ








રાજકોટ, તા. ૨૦

રંગીલા રાજકોટમાં રોજબરોજ કોઈને કોઈ લોકો કોઈને કોઈ વાતે બાખડી પડે છે અને છરી ધોકા કડા કે પછી ઢીકા ધુંબાનો ઉપયોગ કરી બાકાઝીકી બોલાવી દેતાં હોય છે. એક જ રાતમાં મારામારીની આઠ ઘટનાઓ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નોંધાઈ હતી. જેમાં મજાક કરવા મામલે, ગાળો બોલવા મામલે, વાહન આડુ આવી જવા પ્રે અને દારૂ પી ડીંગલ કરવા મામલે તેમજ પીવાના વારા બાબત સહિતના મુદ્દે માથાકુટ થઈ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગોંડલ રોડ પુનીતનગર-૯ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતાં અને છુટક મજૂરી કરતાં યશ ઉર્ફ ઠુઠી રસીકભાઈ બકરાણીયા નામના ત્રેવીસ વર્ષના યુવાનને રાતે સાડા અગીયારેક વાગ્યે ગોકુલધામ મેઈન રોડ પર મિત્ર ગોપાલ સાથે ઉભો હતો અને વાતો કરતો હતો ત્યારે બાબુ ઝાપડા અને તેના ભાઈ જયેશ ઝાપડાએ ઝઘડો કરી હાથમાં પહેરવાના કડાથી અને ઢીકાપાટુનો બેફામ માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત થતાં માલવીયાનગરના હેડકોન્સ. ડી. પી. બગડાએ હોસ્પિટલે પહોંચી યશ ઉર્ફ ઠુઠીની ફરિયાદ પરથી બાબુ અને જયેશ ઝાપડા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. યશે જણાવ્યું હતું કે રાત્રીના આશરે સાડા દશેક વાગ્યા આસપાસ હું તથા મારો મિત્ર મીત રાજ્યગુરૂ બં ને ખોડીયાર હોટલ ગોકુળધામ ગેઈટ સામે અન્ય મારા મિત્ર કલ્પેશને મળવા ગયા હતા.

આ દરમિયાન ખોડીયાર હોટલ ખાતે મારો મિત્ર ગટીયો બોરીચા તથા બાબુ ઝાપડા જે નવલનગરમાં રહે છે તે બંને પણ ભા હોઈ ગટીયો આહીર મને જોઈ જતા મારી પાસે આવેલ અને મારી સાથે મજાક કરવા લાગ્યો હતો. આ પછી બાબુ પણ મારી પાસે આવ્યો હતો અને મને કહેવા લાગેલ કે કેમ ગાળો બોલો છો? એમ કહી આ બાબુ ઝાપડા મને ગાળો આપવા લાગેલ, જેથી મેં ગાળો આપવાની ના પાડતા આ બાબુ ઝાપડાએ તેના ભાઈ જયેશ ઝાપડાને ફોન કરી અને બોલાવેલ.

ત્યારપછી બંને ભાઈઓએ મળી હાથમાં પહેરેલ કડાથી અને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. જયેશે નેફામાંથી છરી કાઢી આજે તો પતાવી જ દેવો છે કહી ગાલ પર છરી મારી દીધી હતી. માણસો ભેગા થઈ જતાં બંને ભાઈ એક્ટીવા પર ભાગી ગયા હતાં. મને મિત્રએ સારવાર માટે ખસેડ્યો હતો. તેમ વધુમાં યશે કહેતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

બીજા બનાવમાં રેલનગર લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં રહેતાં અને દરજી કામ કરતાં પ્રકાશભાઈ હરિભાઈ વાઢેર નામના સુડતાલીસ વર્ષના આધેડને રાતે એકાદ વાગ્યે માધાપર ચોકડીથી રામાપીર ચોકડી તરફ બાઈક હંકારીને જતાં હતાં ત્યારે ૧૫૦ રીંગ રોડ શીતલ પાર્ક પાસે પહોંચતા અજાણ્યા શખ્સે ઝઘડો કરી ઢીકાપાટુ મારી મોઢા પર પાણકો મારી દેતાં ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં ગાંધીગ્રામ પોલીસને જાણ કરાઈ હતી. પ્રકાશભાઈના કહેવા મુજબ પોતે રાતે કામ સબબ નીકળ્યા ત્યારે શિતલ પાર્ક પાસે પહોંચતા એક સ્કોર્પીયો ઓચીંતી આડી આવી જતાં તેના ચાલકને ધ્યાન રાખવાનું કહેતાં ઝઘડો કરી મારકુટ કરી પાણો ઉપાડી મારી દીધો હતો.

ત્રીજી ઘટનામાં ભગવતીપરા શેરી નં. ૫માં રહેતાં બત્રીસ વર્ષના દિપક પોપટભાઈ સત્રેટીયા નામના યુવાનને રાતે ઘર નજીક હતો ત્યારે આ વિસ્તારના ભુરો અને અજાણ્યાએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી મોબાઈલ ફોનથી માથામાં ઘા ફટકારતાં ઈજાઓ થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. દિપકના કહેવા મુજબ પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે અને સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. દિપકે વધુમાં કહ્યું હતું કે અગાઉ મને ભુરાએ દારૂ પીવડાવ્યો હતો. રાતે તે મને ભેગો થતાં તેણે મને કહેલું કે અગાઉ મેં તને દારૂ પાયો હતો, હવે તું આજે મને પીવડાવ. પણ મારી પાસે પૈસા ન હોઈ ના પાડતાં બોલાચાલી કરી મારા પર હુમલો કરાયો હતો. પોલીસે તપાસ હાથ ધરી હતી.

ચોથા બનાવમાં કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે રહેતાં વિનેશ વાલાભાઈ નકુમ નામના સત્યાવીસ વર્ષના ઉપર લોધીકાના રાવકી ગામે સિલ્વર મીડકાસ્ટ કંપનીના ગેઈટ પાસે સિક્યુરીટી ગાર્ડએ હુમલો કરી નાક પર ઢીકા મારી લેતાં લોહી નીકળવા માંડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં લોધીકા પોલીસને જાણ કરાઈ હતી. વિનેશે આક્ષેપ કર્યો હતો કે હું કંપનીમાં નોકરી કરતો હોઉ હવે મારે નોકરી છોડી દેવાની છે. આ મામલે મેનેજમેન્ટ સાથે માથાકુટ થઈ હતી. દરમિયાન હું બહારથી આવ્યો ત્યારે ગેઈટ પર સિક્યુરીટી ગાર્ડએ આઈકાર્ડ માંગતા કાર્ડ અંદર ઓફિસમાં પડ્યું હોવાનું કહેતાં તેણે માથાકુટ કરી ઢીકા મારી લીધા હતા. લોધીકા પોલીસે આક્ષેપો અંગે તપાસ હાથ ધરી હતી.

પાંચમા બનાવમાં વાંકાનેરના કોટડાનાયાણી ગામે રહેતાં દિનેશભાઈ જકસીભાઈ સોલંકીને રાતે પત્નિ હંસાબેને ઢીકાપાટુનો માર મારી તેમજ મોબાઈલ ફોનથી નાક મોઢા પર ઘા મારતાં ઈજા થતાં બાદમાં તેણીએ જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. હંસાબેને જણાવ્યું હતું કે સંતાનમાં તેને બે દિકરા અને ચાર દિકરી છે. પતિને દારૂ પીવાની કુટેવ હોઈ રાતે પણ દારૂ પી ખેલ કરતાં હોઈ શાંતિથી સુઈ જવાનું કહેવા છતાં સમજતાં ન હોઈ જેથી મારામારી થઈ હતી.

છઠ્ઠા બનાવમાં આજીડેમ ચોકડી નજીક કનૈયા પાન પાછળ રહેતાં અશ્વીન ભનુભાઈ ગઢાતરા નામના પચ્ચીસ વર્ષના યુવાનને રાતે ઘર નજીક મુરલીધર કરીયાણા સ્ટોર પાસે હતો અને ફોનમાં વાતો કરતો હતો ત્યારે દુકાન પાસે રહેતાં સિકંદર અને અજાણ્યાએ આવી ઝઘડો કરી તું કેમ મારી ઘરવાળીને ગાળો દે છે? કહી છરીથી હુમલો કરી પેટમાં ઈજા પહોંચાડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરી હતી. અશ્વીનના લગ્ન થયા નથી. તે ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં નાનો છે. અશ્વીને કહ્યું હતું કે હું રાતે ફોન પર વાતો કરતો કરતો જતો હતો ત્યારે કરીયાણાની દુકાન પાસે રહેતાં મુસ્લિમ પરિવારના મહિલાને એમ થયું કે હું તેને ગાળો દઉ છું. આ પછી તેણીના પતિ સિકંદર સહિતે આવી કેમ ગાળો બોલે છે? કહી ઝઘડો કરી છરી ઝીંકી દીધી હતી. આજીડેમ પોલીસે આ મામલે કાર્યવાહી કરી હતી.

સાતમા અને આઠમા બનાવમાં ગોંડલ ભગવતપરામાં બે ભાઈઓ કૃણાલ અને અમન પર રાતે ઘર નજીક કોઈ કારણોસર કરણ, ભોલુ, મિલન સહિતે અકળ કારણોસર પાઈપ અને ધારદાર વસ્તુથી હુમલો કરતાં બંનેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યારે ગોંડલમાં જ ભગવતપરામાં રહેતાં હુશેન યુસુફભાઈ કટારીયા તથા તેના પત્નિ ફાતેમાબેન પર પાડોશી રજાક ઉર્ફ ધમો સહિતે હુમલો કરી તલવાર, પાઈપના ઘા ઝીંકતા ફાતેમાબેનને માથામાં ઈજા થતાં અને હુશેનનો હાથ ભાંગી જતાં બંને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે. રજાકના ઘરનું કામ ચાલુ હોઈ તેનો કડીયો હુશેનના પતરા ઉપર આવતાં પતરા તૂટી જતાં તેને ધ્યાન રાખવાનું કહેતાં રજાકે કડીયા મજૂરનું ઉપરાણું લઈ હુમલો કર્યો હતો. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી.

# નિવૃત્ત વૃદ્ધને 'ડિજિટલ અરેસ્ટ' કરી અઢાર લાખ પડાવ્યા

## સુપ્રીમ કોર્ટ અને CBIના નકલી પત્રો બતાવી દંપતીને ઘરમાં જ કેદ રાખ્યું અને નાણા ખંખેર્યાઃ વૃદ્ધને પોતાનું ઘર વેચીને વધુ પૈસા આપવા દબાણ કર્યું

રાજકોટ, તા. ૨૦

સાયબર ફ્રોડની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે મોટી ઠગાઈ થઈ છે જેમાં વૃદ્ધને ડિજિટલ અરેસ્ટ કરી લાખો રૂપિયા પડાવી લેવાયા છે. અમદાવાદમાં સરદારનગર વિસ્તારમાં રહેતા એક પાંસઠ વર્ષીય નિવૃત્ત નાગરિક અને તેમના પત્ની સાયબર માફિયાઓની 'ડિજિટલ અરેસ્ટ'ની જાળમાં ફસાઈ ગયા હોવાની હચમચાવી નાખે તેવી ઘટના પ્રકાશમાં આવી છે. ઠગ ટોળકીએ સુપ્રીમ કોર્ટના નકલી દસ્તાવેજો અને મની લોન્ડરિંગના કેસનો ડર બતાવી આ દંપતી પાસેથી ૮.૭ લાખ પડાવી લીધા હતા.




આ આખું કૌભાંડ ૧૮મી ઓક્ટોબરના રોજ શરૂ થયું હતું. ફરિયાદીને વિજય શર્મા નામના વ્યક્તિનો ફોન આવ્યો, જેણે પોતાની ઓળખ દિલ્હી ટેલિકોમ બ્રાંચના અધિકારી તરીકે આપી હતી. તેણે ધમકી આપી કે તમારા આધાર કાર્ડ પર મુંબઈમાં ગેરકાયદે સિમકાર્ડ લેવામાં આવ્યું છે.

તમારા નામે મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં ગંભીર ગુનો નોંધાયો છે. ત્યારબાદ, બીજા દિવસે એસ.કે. જયસવાલ નામના નકલી તપાસ અધિકારીએ વીડિયો કોલ કર્યો અને દાવો કર્યો કે જેટ એરવેઝના નરેશ ગોયલ સાથે મળીને ફરિયાદીએ ૨૦ લાખનું મની લોન્ડરિંગ કર્યું છે.નકલી દસ્તાવેજો અને 'હાઉસ અરેસ્ટ'ની પદ્ધતિ વૃદ્ધ દંપતીને ડરાવવા માટે ઠગોએ અત્યંત વ્યવસ્થિત રીતે જાળ બિછાવી હતી.

### બનાવટી દસ્તાવેજો

વોટ્સએપ પર સુપ્રીમ કોર્ટ, ED અને CBIના લોગોવાળા પત્રો મોકલ્યા હતા. આ પત્રોમાં ભારતના મુખ્ય ન્યાયાધીશની નકલી સહી પણ કરવામાં આવી હતી.આ કિસ્સામાં દંપતીને ચોવીસ કલાક વીડિયો કોલ પર ચાલુ રહેવા મજબૂર કરી 'હાઉસ અરેસ્ટ' કર્યા હતા. જો કોઈને જાણ કરવામાં આવશે, તો તેમની હત્યા કરી દેવાની ધમકી પણ આપવામાં આવી હતી. દાગીના અને શેર વેચાવીને રકમ પડાવી ધરપકડના ભય હેઠળ, ફરિયાદીએ પોતાના ડીમેટ ખાતાના શેર વેચીને ૧૫.૨ લાખ અને પત્નીના સોનાના દાગીના વેચીને ૩.૫ લાખ એમ કુલ ૧૮.૭ લાખ ઠગો દ્વારા આપવામાં આવેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. ઠગોની લાલચ એટલી વધી ગઈ હતી કે તેમણે વૃદ્ધને પોતાનું ઘર વેચીને વધુ પૈસા આપવા દબાણ કર્યું હતું. જોકે, ફરિયાદીએ ઘર વેચવાનો ઈનકાર કરતા ઠગોએ સંપર્ક તોડી નાખ્યો હતો. બાદમાં જ્યારે વૃદ્ધે તેમની દીકરી સાથે વાત કરી, ત્યારે તેમને સમજાયું કે તેઓ 'ડિજિટલ અરેસ્ટ' નામના મોટા સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. અંતે, અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ હાલ વોટ્સએપ ચેટ અને બેંક ટ્રાન્ઝેક્શનની વિગતોના આધારે ગુનેગારોનું પગેરું દબાવી રહી છે. કોઈ પણ સરકારી એજન્સી વીડિયો કોલ દ્વારા ધરપકડ કરવાની કે નાણાં માંગવાની સત્તા ધરાવતી નથી. આવા કોલ આવે તો તુરંત જ '૧૯૩૦' પર કોલ કરી સાયબર પોલીસને જાણ કરો.

## અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલોઃ ચાર પરિવારોએ ગુમાવી દીધા સ્વજનો

# એકવીસ વર્ષિય રાજદીપનું હાર્ટ એટેકથી મોત

## માંગરોળનો યુવાન રાજકોટ રહી નોકરી કરતો હતોઃ પરિવારનો હતો એક જ આધારઃ બીજી ઘટનામાં દિકરાના લગ્નના જદદોઢ મહિના પહેલા માતાનો ઝેર પી આપઘાત : એક વૃધ્ધનું બાથરૂમમાં પડી જતાં, એક પ્રૌઢનું ઘરે બેભાન થઈ જતાં મૃત્યુ

રાજકોટ, તા. ૨૦

અપમૃત્યુની વધુ કેટલીક ઘટનાઓ બની છે. જેમાં એકવીસ વર્ષના યુવાનનું બાથરૂમમાં ન્હાવા ગયો ત્યારે દિલ બંધ પડી જતાં મોત થયું હતું. તો બીજી ઘટનામાં જે મહિલાના દિકરાના બે મહિના પછી લગ્ન લેવાયા છે એ મહિલાએ દિકરાના ઘરેણાની ખરીદી કરવા જવાની આગલી રાતે જ ઝેર પી દુનિયા છોડી દેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અન્યબ નાવમાં એક પ્રૌઢનું ઘરે બેભાન થઈ ગયા બાદ મોત થયું હતું. તો એક વૃધ્ધનું ઘરે બાથરૂમમાં પડી જવાને કારણે ઈજા થતાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો હૃદય બેસી જવાથી મૃત્યુની ઘટનાઓમાં વધુ એક યુવાનનું મોત થયું છે. માંગરોળનો વતની એકવીસ વર્ષનો યુવાન રાજકોટ ફઈના દિકરા સાથે રહી નોકરી કરતો હતો. સાંજે નોકરીએથી ઘરે આવી ન્હાવા ગયો ત્યારે બાથરૂમમાં જ હૃદય રોગનો હુમલો આવી જતાં મૃત્યુ નિપજ્યું છે. તે માતા-પિતાનો એકનો એક આધારસ્તંભ અને બહેનથી નાનો હતો. વધુ મીહતી અનુસાર માંગરોળનો વતની રાજદિપ ભુપેન્દ્રભાઈ નકુમ કે જેની ઉંમર એકવીસ વર્ષન હતી તે હાલ રાજકોટગાંધીગ્રામ લાખના બંગલા પાસે અક્ષરનગરમાં ફઈના દિકરા ભાવીકભાઈ સાથે રહેતો હતો અને અતુલ મોટર્સમાં નોકરી કરતો હતો.

નોકરી પુરી કરીને સાંજે સાઠા આઠેક વાગ્યે તે ઘરે આવ્યો હતો અને ન્હાવા માટે બાથરૂમમાં ગયો હતો. પરંતુ લાંબો સમય સુધી તે બાથરૂમમાંથી બહાર ન આવતાં પરિવારજનોએ તપાસ કરતાં તે બાથરૂમમાં બેભાન હાલતમાં મળી આવતાં તુરત જ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.



મૃત્યુ પામનાર રાજદિપ એક બહેનથી મોટો હતો અને માતા-પિતાનો એક જ દિકરો હતો. તેના પિતા ભુપેન્દ્રભાઈ નકુમ માંગરોળમાં ટુવ્હીલરનું ગેરેજ ચલાવે છે. રાજદિપ રાજકોટમાં અતુલ મોટર્સમાં નોકરી કરતો હતો. પોસ્ટમોર્ટમ થતાં હાર્ટએટેક આવી ગયાનો રિપોર્ટ આવ્યાનું સગાએ જણાવ્યું હતું. મૃતદેહને અંતિમવિધી માટે વતન માંગરોળ લઈ જવાયો હતો.

અન્ય ઘટના જોઈએ તો સાયલાના હડાગા ગામે રહેતાં ચાલીસ વર્ષના સંગીતાબેન રમેશભાઈ મેણીયાએ રાતે ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર સંગીતાબેનને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. પતિ ખેતી કરવા સાથે કંપનીમાં નોકરી પણ કરે છે. રાતે સંગીતાબેન ઉલ્ટી કરવા માંડતાં પરિવારજનો જાગી ગયા હતાં. બેભાન હાલતમાં સારવાર માટે ખસેડ્યા હતાં પણ જીવ બચ્યો નહોતો.

કરૂણતા એ છે કે સંગીતાબેનના દિકરાના આગામી ફેબ્રુઆરીમાં લગ્ન હોઈ આજે શનીવારે ઘરેણા લેવા જવાના હતાં. એ પહેલા રાતે આ પગલુ ભરી લીધું હતું. પરિવારજનો કારણ જાણતાં નથી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં સાયલા પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં ગાંધીગ્રામ શેરી નં. ૬-બમાં રહેતાં રામજીભાઈ લઘુભાઈ સોલંકી નામના છન્નુ વર્ષના વૃધ્ધ ઘરે બાથરૂમમાં પડી જતાં ઈજા થતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃત્યુ પામનાર રામજીભાઈને સંતાનમાં પાંચ પુત્ર છે. ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ચોથા બનાવમાં શાપર વેરાવળમાં ધરતી એગ્રો ગેઈટ અંદર રહેતાં રમેશભાઈ ધાનસિંગ પરીહાર નામના ત્રેપન વર્ષના નેપાળી પ્રૌઢ ઘરે સાંજે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. આમ ચાર ઘટનામાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

# પરશુરામ તળાવનું બ્યુટિફિકેશન ઘોંચમાં

## ૨૦૨૨-૨૩માં સરકારે ₹ ૨૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી

### મહાનગરપાલિકા તળાવનું બ્યુટિફિકેશન કરવામાં નિષ્ફળ રહ્યું

રાજકોટ , તા. ૨૦

કેન્દ્ર સરકાર દ્વારા અલગ અલગ રાજ્યના ૧૬ શહેરોની સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે પસંદગી કરાયાં બાદ ગુજરાતમાં ગ્રિન બેલ્ટ કન્સેપ્ટ પર રૈયા વિસ્તારમાં અંદાજે ૯૦૦ એકરમાં સ્માર્ટ સિટી બનાવવામાં આવ્યું છે. જોકે, સ્માર્ટ સિટી વિસ્તાર હોવા છતાં અહીં ૨૫ એકરમાં અટલ સરોવર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ લાઈટ હાઉસ સિવાયના વિસ્તારોમાં હજુ ઉડીને આંખે વળગે તેવો કોઈ મહત્વનો પ્રોજેક્ટ હજું શરૂ થયો નથી. ત્યારે રાજ્ય સરકાર દ્વારા પરશુરામ મંદિર પાસે આવેલા તળાવનું પણ અટલ સરોવરની જેમ જ બ્યુટિફિકેશન કરવાની લાંબા સમય પહેલા જાહેરાત કરી હતી. અને આ માટે ₹ ૨૦ કરોડની ગ્રાન્ટ પણ મંજૂર કરી દીધાં પછી પણ મહાનગરપાલિકા પરશુરામ તળાવનું બ્યુટિફિકેશન કરવામાં સદંતર નિષ્ફળ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજકોટની સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે પસંદગી કરવામાં આવ્યાં બાદ રૈયા વિસ્તારમાં ૯૦૦ એકરમાં સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

૧૧૦૦ કરોડના આ પ્રોજેક્ટની ઈંટ મુકવામાં આવી ત્યારબાદ સ્માર્ટ સિટીમાં ૨૫ એકરમાં ફેલાયેલા અટલ સરોવર સિવાય આ વિસ્તારમાં આવેલા અન્ય બે તળાવોનું પણ બ્યુટિફિકેશન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આમાં હાલના લાઈટ હાઉસ અને પરશુરામ મંદિર વચ્ચે આવેલા તળાવના બ્યુટિફિકેશનને અગ્રતા આપવામાં આવી હતી. જ્યારે અન્ય એક તળાવ જે જગ્યાએ છે તેનો કાનુની વિવાદ હોવાથી ત્રીજા તળાવના બ્યુટિફિકેશનની યોજના પડતી મુકવી પડી હતી. પરશુરામ મંદિર પાસે આવેલું તળાવ અટલ સરોવર કરતાં પણ



મોટું અને ઊંડું હોવાથી તેને પરશુરામ તળાવ નામ આપી બ્યુટિફિકેશન માટે રાજ્ય સરકારે મહાનગરપાલિકાના અધિકારીઓને સુચના આપી હતી.

આ મુજબ અધિકારીઓએ તળાવના બ્યુટિફિકેશન માટે ડિઝાઈન સહિત ડીપીઆર એટલે કે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરીને રાજ્ય સરકાર સમક્ષ તેનું પ્રેઝન્ટેશન પણ રજૂ કરી દીધું હતું . આ પ્રેઝન્ટેશન આધારે રાજ્ય સરકારે તળાવની બ્યુટિફિકેશન કામગીરી મંજુર કરી ₹ ૨૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી દીધી હતી. આ પરશુરામ તળાવ આસપાસની જમીન સરકાર હસ્તક હોય તળાવના બ્યુટિફિકેશન માટે જમીન સંપાદન કરવી જરૂરી હતી. આથી, મહાનગરપાલિકાએ કલેકટર કચેરીને અવારનવાર પત્રો લખી જમીન ફાળવણી કરવા માટે જણાવ્યું હતું. તત્કાલીન કલેકટરે પણ આ બાબતે પરશુરામ તળાવ વિસ્તારની અવારનવાર મુલાકાત પણ લીધી હતી. અને અધિકારીઓ સાથે અનેકવાર મિટિંગ પણ કરવામાં આવી હતી.

પરશુરામ તળાવના બ્યુટિફિકેશન સાથે મહાનગરપાલિકાએ એક મહત્વપૂર્ણ કામગીરી એ પણ કરી હતી કે, અડધોઅડધ સ્માર્ટ સિટી વિસ્તારનુ વરસાદી પાણી પરશુરામ તળાવમાં એકત્ર થાય તે માટે પાઈપ લાઇન પણ બિછાવી દેવામાં આવી હતી. પણ, યેનકેન પ્રકારે આ પરશુરામ તળાવના બ્યુટિફિકેશનની યોજનાના શ્રી ગણેશ જ થઈ શકયા નથી. ૨૦૨૨-૨૩ ના વર્ષમાં જે તળાવના બ્યુટિફિકેશન માટે સરકારે ₹ ૨૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી હતી. એ કામ પાર પાડવામાં મહાનગરપાલિકાના અધિકારીઓ અને તંત્ર ઉણું ઉતરતા સ્માર્ટ સિટી વિસ્તારમાં જ રાજકોટની પ્રજાને અટલ સરોવર જેવું વધુ એક નજરાણું મળી શક્યું નથી.



# ફૂડ વિભાગ દ્વારા કારીગરોની ચકાસણી

### દર છ મહિને કારીગરોના હેલ્થ સર્ટિફિકેટ રિન્યુ કરવાના નિયમોનો ખુલ્લેઆમ ઉલાળિયો

રાજકોટ, તા. ૨૦

શિયાળો પૂર બહારમાં આગળ વધી રહ્યોં છે. ત્યારે બીજી તરફ મનપાની ફૂડ શાખા દ્વારા સોમવારથી તમામ ફૂડ ઓપરેટરી સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી રહી છે. ખાસ કરીને, શિયાળાની ઋતુમાં જેની સૌથી વધુ ડિમાન્ડ રહે છે તેવા ચિકી, કચરિયું સહિત ગોળ અને ખાંડમાંથી બનતી મિઠાઈ સહિતની વાનગીઓ બનાવતા ધંધાર્થીઓ તેમજ અડદિયા બનાવતા અને વેચાણ કરતા ગૃહ ઉદ્યોગો, ડેરીફાર્મ ધંધાથીઓ સામે સ્પેશ્યલ ડ્રાઈવ કરવામા આવશે.

અને જે સ્થળોએ કારીગરો કામ કરે છે તેવા તમામ ખાણીપીણીના ધંધાર્થીઓ દ્વારા તેમનાં કારીગરોના આરોગ્ય સંબંધી બાબતો અને નિયમાનુસાર લેવા પડતાં હેલ્થ સર્ટિફિકેટ લેવાયા છે કે કેમ ? અને જે લેવાયા હોય તો, સમયાંતરે રિન્યુ કરવામાં આવ્યા છે કે કેમ ? તે સહિતની બાબતોની ચકાસણી કરાશે. આવી જ રીતે ખાણીપીણીના સ્થળે રાખવામાં આવતા પાણીના નમુના પણ લેવામાં આવશે.

જાન્યુઆરી માસમાં ગુજરાત વાઈબ્રન્ટ સમિટનું આયોજન થનારું છે. સાથે મકર સંક્રાંતિ જેવો મહત્વનો ''ધાબા ઉત્સવ'' પણ આવી રહ્યો છે ત્યારે મહાનગરપાલિકાની ફૂડ શાખા પણ ખાણીપીણીની સામગ્રીની બાબતે સોમવારથી સ્પેશ્યલ ડ્રાઇવ શરૂ કરી રહી છે.

હાલમાં ફૂડ શાખાએ શિયાળાની ઋતુમાં જેની સૌથી વધુ ડિમાન્ડ રહે છે તે ગોળ અને ખાંડમાંથી બનતી સિંગ દાળિયા તલ સહિતની ચિકી, તલનું કચરિયુંના વેંચાણ કરનારા ધંધાર્થીઓનું સઘન ચેકિંગ કરીને કેટલાંક સ્થળેથી નમુના પણ લીધા છે. હવે સોમવારથી જે સ્થળે ચિકીનું ઉત્પાદન થતુ હશે તેવાં ગૃહ ઉદ્યોગો, વેપારી એકમો સહિતના તમામ સ્થળોએ કરતાં કારીગરો અને ઉત્પાદકો પાસે હેલ્થ સર્ટિફિકેટ છે કે કેમ? તેની ચકાસણી કરવામાં આવશે. અડદિયા કે શિયાળામાં ઉપયોગી મિઠાઇ બનાવતા ધંધાર્થીઓ, ઉત્પાદકો અને ડેરીફાર્મ વગેરે સ્થળોએ ખાદ્ય સામગ્રીનું ચેકિંગ અને કારીગરોના હેલ્થ સર્ટિફિકેટની ચકાસણી કરવામા આવશે.

સામાન્ય રીતે કોઈ પણ ખાણીપીણીના ધંધાર્થીઓ પાણીની સગવડતા રાખતાં જ હોય છે. પણ પીવા માટે ઉપયોગમાં લેવાતા પાણીને બેક્ટેરિયા અને ક્લોરિન ટેસ્ટ કરાવાયો છે કે કેમ ? તેની પણ ચકાસણી કરવામાં આવશે. નિયમાનુંસાર જ્યારે કોઈ વ્યક્તિ ફૂડ લાયસન્સ માટે અરજી કરે ત્યારે જ તેઓએ તેમના કારીગરોના હેલ્થ સર્ટિફિકેટ એમબીબીએસ ડોક્ટર સિવાય અન્ય કોઇના હોય તો ફૂડ લાયસન્સ મળતું નથી.

આવી રીતે ખાણીપીણીના સ્થળે રાખવામાં આવતા પીવાના પાણી ક્લોરિન અને બેક્ટેરિયલ ટેસ્ટ કરેલા હોવાં જોઈએ. તેના સંબંધિત લેબોરેટરી ટેસ્ટના ડોક્યુમેન્ટસ પણ રાખવા જરૂરી હોય છે. પણ આવુ શુદ્ધ પાણી રાજકોટમાં ગણી ગાંઠી જગ્યાએ જ રાખવામાં આવતું હશે. ફૂડ શાખા પાણીની શુદ્ધતા બાબતે પણ ચેકિગ કરશે.આશ્ચર્યની વાત એ છે કે જ્યાં સૌથી વધુ પાણીનો ઉપયોગ થાય છે તેવા પાણીપુરીના ધંધાર્થીઓને આ સ્પેશિયલ ડ્રાઈવમાં બાકાત રાખવામાં આવ્યાં છે.

# AIIMSમાં ૬ અતીઆધુનિક ઓપરેશન થિયેટર કાર્યરત

### કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવાયો નિર્ણય, સૌરાષ્ટ્ર કચ્છના દર્દીઓને સારવારમાં મળશે રાહત

રાજકોટ, તા. ૨૦

કેન્દ્ર સરકાર દ્વારા રાજકોટમાં એઈમ્સ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે તેનાથી મેડિકલ ક્ષેત્રમાં ઘણી ક્રાંતિ સર્જાય છે. એટલું જ નહીં હાલ કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાજકોટ એઈમ્સને છ નવા આધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર આપવામાં આવ્યા છે અને તેનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું છે જેથી હવે આ હોસ્પિટલમાં દર્દીઓની સેવા માટે કુલ ૧૦ ઓપરેશન થિયેટર કાર્યરત થઈ ચૂક્યા છે. નવનિયુક્ત પ્રેસિડેન્ટ પદ્મશ્રી પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલ, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો. ડો.એલ.એન. દોરૈરાજન અને ડેપ્યુટી ડાયરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહના સતત પ્રયાસોથી સંસ્થામાં ઝડપી વિકાસ સાથે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બની રહી છે.

અત્યંત આધુનિક સર્જિકલ સાધનો અને ટેકનોલોજીથી સજ્જ નવા ઓપરેશન થિયેટર આરોગ્ય સંભાળ માળખાને મજબૂત બનાવશે તથા સર્જિકલ ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે.નવા ઓપરેશન થિયેટરનું ઉદઘાટન એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો.ડો.એલ.એન. દોરૈરાજન સાહેબનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી ડાયરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ, મેડિકલ સુપ્રિડેન્ટ ડો.પિન્કી સાહુ, સહિત નર્સિંગ સ્ટાફ તથા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એઈમ્સની કામગીરીના કારણે હાલ જે દર્દીઓ છે તેઓએ અગાઉ અમદાવાદ સહિતના ધક્કા ખાવા પડતા હતા પરંતુ કેન્દ્ર સરકારના નિર્ણયના પગલે હવે આ સ્થિતિમાં ઘણો ફેરફાર આવ્યો છે અને પરિણામ સ્વરૂપે હાલ સૌરાષ્ટ્ર કચ્છના જે દર્દીઓ છે કે જેઓ આર્થિક રીતે સક્ષમ કે સધ્ધર ના હોય તેમના માટે એઈમ્સ આશીર્વાદરૂપ નીવડી છે હાલ અહીં આ હોસ્પિટલમાં અનેક નવા ઉપકરણો ઉભા કરવામાં આવ્યા છે જે લોકોની સેવામાં અત્યંત મદદગાર પુરવાર થઈ રહ્યા છે. ત્યારે હજુ પણ આ હોસ્પિટલમાં અનેકવિધ અદ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવે તે પ્રકારનું આયોજન હાલ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે અને તે બાબતે અવલોકન અને સમીક્ષા પણ હાથ ધરાઈ છે.

નવા વા ઉદઘાટન થયેલા તમામ ઓપરેશન થિયેટર અદ્યતન એનેસ્થેસિયા વર્કસ્ટેશન, આધુનિક સર્જિકલ સાધનો અને ઉચ્ચ સ્તરની સલામતી સુવિધાઓથી સજ્જ છે. જેના પરિણામે સર્જિકલ સેવાઓ ની ગુણવત્તા, કાર્યક્ષમતા અને સમયબદ્ધતા વધુ સુધરશે.રાજકોટ, સૌરાષ્ટ્ર, સમગ્ર ગુજરાત અને આસપાસના પ્રદેશોના દર્દી ઓને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્યસંભાળ સેવાઓનો સીધો લાભ મળશે.



# વાઈબ્રન્ટ કોન્ફરન્સ માટે ૧૪ વિવિધ સમિતિની રચના

### કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને અન્ય જિલ્લાના કલેક્ટરો તેમજ ડીડીઓ પણ વિવિધ સમિતિઓમાં સભ્ય તરીકે સામેલ

રાજકોટ, તા. ૨૦

બીજુ VGRC સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા અને ખનિજો જેવા મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''નીતિ સહાય, વ્યૂહાત્મક ભાગીદારી અને રોકાણકારોના સંપર્કના મિશ્રણ સાથે, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમાવેશ અને ટકાઉપણાને કેન્દ્રમાં રાખીને ઔદ્યોગિક વિકાસને વેગ આપવાનો છે.''




પ્રથમ પરિષદ ઉત્તર ગુજરાતમાં યોજાઈ હતી. આગામી સૌરાષ્ટ્ર-કચ્છ આવૃત્તિ છ ડોમમાં ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી હશે અને તેમાં ક્ષેત્રના પ્રદર્શન, નવીનીકરણ પ્લેટફોર્મ અને બિઝનેસ નેટવર્કિંગ ઝોનને એકસાથે લાવવામાં આવશે. VGRE ૨૦૨૬ માં કૃષિ, ખાદ્ય પ્રક્રિયા અને મત્સ્યઉદ્યોગ, નવીનીકરણીય ઉર્જા, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, હેન્ડલૂમ અને હસ્તકલા, રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, બેંકિંગ અને નાણાકીય સેવાઓ અને શિક્ષણ જેવા ઉચ્ચ-વિકાસ ક્ષેત્રોની અગ્રણી કંપનીઓ અને સંસ્થાઓ ભાગ લેશે. એક સમર્પિત હસ્તકલા ગામ અને મજબૂત MSME ભાગીદારી પ્રદેશની પરંપરાગત કુશળતા અને વ્યવસાય ઊર્જાનું પ્રદર્શન કરશે. આ વર્ષે મુખ્ય આકર્ષણ વિક્રેતા વિકાસ કાર્યક્રમ, રિવર્સ ખરીદનાર-વેચાણકર્તા મીટ અને ઉદ્યોગસાહસિક મેળો હશે, જે MSME, કારીગરો, અને હાથવણાટ અને હસ્તકલા ઉદ્યોગોને નવા બજારો સુધી પહોંચવામાં મદદ કરવા માટે રચાયેલ છે.

કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગ નેતાઓ, ઉદ્યોગસાહસિકો, કૃષિ-વ્યવસાય ખેલાડીઓ, MSME, શૈક્ષણિક સંસ્થાઓ, કારીગરો અને મહિલા ઉદ્યોગસાહસિકો હાજરી આપે તેવી અપેક્ષા છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ મહેસાણામાં પ્રથમ પ્રાદેશિક કોન્ફરન્સની સફળતા બાદ, હવે આગામી ૧૦ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે 'બીજી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા સચિવ કક્ષાની ૧૪ જેટલી વિવિધ ફંક્શનલ સમિતિઓની રચના કરવામાં આવી છે. એમાં તમામ સચિવને દેખરેખ નીચે આ સમિતિઓ કામ કરશે.

આ સમિતિનું નેતૃત્વ ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી મમતા વર્મા કરશે, જે તમામ પ્રાદેશિક કોન્ફરન્સના સંકલનની જવાબદારી સંભાળશે. આ સમિતિના અધ્યક્ષ તરીકે GIDC ના ટઈ અને ખઉ પ્રવીણા ડી.કે. ની નિમણૂક કરવામાં આવી છે. તેઓ સ્થળની તૈયારી, સ્ટેજ મેનેજમેન્ટ અને સીટિંગ વ્યવસ્થા જેવી બાબતો જોશે. આ સમિતિનું નેતૃત્વ આદ્રા અગ્રવાલ અને કો-હેડ તરીકે સંદીપ સાગલે કરશે. સમિટના વ્યાપક પ્રચાર અને મીડિયા પ્લાનિંગ માટે માહિતી નિયામક કે.એલ. બચાણી ના અધ્યક્ષ સ્થાને મીડિયા સમિતિની રચના કરવામાં આવી છે.

આ કોન્ફરન્સમાં રાજકોટ કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને અન્ય જિલ્લાના કલેક્ટરો તેમજ ડીડીઓને પણ વિવિધ સમિતિઓમાં સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે. સમિતિના વડાઓને જરૂરિયાત મુજબ અન્ય અધિકારીઓને સહ-નિયુક્ત કરવાની સત્તા પણ આપવામાં આવી છે.

## યોગ્ય સંકલન સાધિ વાઈબ્રન્ટ કોન્ફરન્સની તૈયારી કરો : કલેક્ટર

વડાપ્રધાનની સંભવિત ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે આગામી ૧૦-૧૧-૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ VGRCના આયોજન અંગે જિલ્લા કલેકટરશ ઓમપ્રકાશની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. VGRCના આયોજન અંગે જિલ્લા કલેક્ટર દ્વારા ૨૦ સમિતિઓનુ ગઠન કરવામાં આવ્યું છે. સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના ૧૨ જિલ્લાઓમાં રહેલી ઔદ્યોગિક ક્ષમતાઓને વિસ્તરવા માટે આંતરરાષ્ટ્રીય ફલક પૂરું પાડનાર આ કાર્યક્રમના આયોજન અંગે રચાયેલી સમિતિના અધ્યક્ષો અને સભ્યો સાથે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઇ હતી. આ કોન્ફરન્સમાં સામેલ થનારા ઉદ્યોગ સાહસિકો, એમ.એસ.એમ.ઈ.- વિવિધ ઔદ્યોગિક એસોસિયેશન્સ વગેરેને ઉચ્ચ કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કલેક્ટર ઓમપ્રકાશે ઉપસ્થિતોને સૂચના આપી હતી. આરોગ્ય અંગેની કોઈ પણ પ્રકારની આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવાનું ઉત્તમ આયોજન કરવા પર કલેક્ટરશ્રીએ વિશેષ ભાર મૂક્યો હતો. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર એમ.કે.લાડાણીએ જણાવ્યું હતું કે સમગ્ર કોન્ફરન્સ દરમિયાન ત્રણ દિવસમાં ૪૦ થી ૪૫ સેમિનાર યોજવાનું આયોજન ઘડાઈ રહ્યું છે, આ માટે ૨૫ હજાર ચોરસ મીટર વિસ્તારમાં ૬ ડોમ્સની રચના કરવામાં આવૈ, જેમાં ૧૨ થી વધુ સરકારી વિભાગોના સ્ટોલ્સ રાખવામાં આવશે.વડાપ્રધાનના સંભવિત રોડ શો, ઈનોગરલ ફંક્શન, કાર્યક્રમના સ્થળોએ પાયાની સુવિધાઓની પૂર્તિ, કાર્યક્રમમાં સ્થળે ફાયર-ઈલેક્ટ્રીકલ-લીફ્ટ-સિવિલ વગેરેના જરૂરી સર્ટિફિકેટ આગોતરા મેળવી લેવા, સંબંધિત વિભાગોના ચેક લીસ્ટ તૈયાર કરવા, નજીકના પ્રવાસન સ્થળોને સ્વચ્છ રાખવા, બેઠક વ્યવસ્થા, મંચસજ્જા, ઈન્વિટેશન કાર્ડ, બિઝનેસમેન ટુ બિઝનેસમેન અને બિઝનેસમેન ટુ ગવર્નમેન્ટ સેક્ટર મીટીંગ, બેનર-હોર્ડીંઝ, પ્રવેશ પાસ, પાર્કીંગ, સ્મૃતિ ચિન્હ તથા અન્ય આનુષાંગિક વ્યવસ્થાઓ વિશે આ બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય ડો મહેન્દ્ર પાડલીયા, સામાજિક ન્યાય અને અધિકારી સમિતિના અધ્યક્ષ ભાનુબેન બાબરીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, આસીસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડી.સી.પી. હેતલ પટેલ, નિવાસી અધિક કલેકટર એન. કે. મુછાર, નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલા, રૂડાના ચેરમેન ગૌતમ મિયાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે. વસ્તાણી, એડીશનલ કલેક્ટર ઈલાબેન ચૌહાણ, નાયબ કલેક્ટર ઈશિતા મેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પ્રિયંક ગલચર, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડા, પ્રાંત અધિકારીઓ રાહુલ ગમારા, એન.એમ.તરખલા, ચાંદની પરમાર, વિમલ ચક્રવર્તી અને આર.આર. ખાંભરા સહિત (VGRC) સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.